dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 295 | AD - 2026, Ashadh Vad -02 | Friday, Dt. 31-07-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શનને વિખેરવા માટે પેલેટ ગનનો ઉપયોગ બંધારણીય અધિકારોનું ઉલ્લંઘન

# સુપ્રીમ કોર્ટે પેલેટ ગનના ઉપયોગ મુદ્દે કેન્દ્ર સરકારને નોટિસ ફટકારી

નવી દિલ્હી, તા. ૩૦

વિરોધ પ્રદર્શન દરમિયાન પેલેટ ગનના ઉપયોગને પડકારતી અરજી પર સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને નોટિસ જારી કરીને જવાબ માંગ્યો છે. કોર્ટે જંતર-મંતર ખાતે થયેલી ઘટનાના સંદર્ભમાં આરક્ષિત દળો દ્વારા ઉપયોગમાં લેવાયેલા દારૂગોળા, શસ્ત્રો અને ફરજ પર રહેલા કર્મચારીઓનો રેકોર્ડ સુરક્ષિત રાખવાનો પણ નિર્દેશ આપ્યો છે. સાથે જ કોર્ટે પૂછ્યું છે કે પેલેટ ગનનો ઉપયોગ કયા સંજોગોમાં કરવામાં આવે છે અને તેના માટે કઈ પ્રમાણભૂત કાર્યપધ્ધતિ (એસઓપી) અમલમાં છે. આ મુદ્દે કેન્દ્ર સરકારને વિગતવાર જવાબ રજૂ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.સુનાવણી દરમિયાન મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત, ન્યાયાધીશ જયમાલ્યા બાગચી અને ન્યાયાધીશ વી. મોહનની ખંડપીઠે નોંધ્યું કે જો બળના અતિરેક ઉપયોગના આક્ષેપો કરવામાં આવે છે, તો કોર્ટનો મુખ્ય હેતુ પેલેટ ગનના ઉપયોગ માટે સ્પષ્ટ માર્ગદર્શિકા અને જવાબદારી નક્કી કરવાનો હોવો જોઈએ. કોર્ટે અરજદારોને તેમની અરજીમાં સુધારો કરીને પેલેટ ગનના સંપૂર્ણ પ્રતિબંધની માંગને બદલે તેના ઉપયોગને મંજૂરી આપતા નિયમોને પડકારવા સૂચન કર્યું હતું.અરજદારો તરફથી હાજર રહેલા વકીલ વૃંદા ગ્રોવરે દલીલ કરી હતી કે ઘટનામાં ધાતુના પેલેટનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જેના કારણે



પ્રદર્શનકારીઓને ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમણે જણાવ્યું કે પેલેટના અનેક પ્રકાર હોય છે, જેમ કે રબર, પ્લાસ્ટિક અને ધાતુના, પરંતુ અહીં ધાતુના પેલેટનો ઉપયોગ થયો હતો, જે ઘાયલોના શરીરમાંથી શસ્ત્રક્રિયા દ્વારા કાઢવા પડ્યા હતા. તેમનો દાવો હતો કે વિરોધ કરી રહેલી ભીડ હિંસક નહોતી, તેથી આ પ્રકારના બળનો ઉપયોગ અયોગ્ય અને અસંગત હતો.કોર્ટે સ્પષ્ટ કર્યું કે હાલના પોલીસ નિયમો મુજબ કેટલીક અસાધારણ પરિસ્થિતિઓમાં "ગ્રેડેડ રિસ્પોન્સ" હેઠળ પેલેટ ગનનો ઉપયોગ કરવાની મંજૂરી આપવામાં આવી છે. જો અરજદારો આ નિયમોને બંધારણીય રીતે પડકારતા નથી, તો કોર્ટ માત્ર એટલું જ તપાસી શકે કે ચોક્કસ ઘટનામાં નિયમોનું પાલન થયું હતું કે નહીં. સાથે જ કોર્ટે જણાવ્યું કે વિરોધ પ્રદર્શન દરમિયાન બળનો ઉપયોગ અંતિમ વિકલ્પ હોવો જોઈએ અને તે પણ કાયદેસર, મર્યાદિત તથા પરિસ્થિતિને અનુરૂપ હોવો જોઈએ.આ અરજી નિવૃત્ત ઈન્ટેલિજન્સ બ્યુરોના વિશેષ નિયામક યશોવર્ધન આઝાદ તથા પેલેટ ગનથી ઘાયલ થયેલા બે પીડિતોએ દાખલ કરી છે. અરજીમાં પેલેટ ગનના ઉપયોગ પર પ્રતિબંધ, જંતર-મંતર ખાતે ૨૦ જુલાઈના રોજ ઘાયલ થયેલા તમામ પીડિતોને યોગ્ય વળતર અને નિઃશુલ્ક તબીબી સારવાર આપવાની માંગ કરવામાં આવી છે. અરજદારોનો દાવો છે કે શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શનને વિખેરવા માટે પેલેટ ગનનો ઉપયોગ બંધારણીય અધિકારોનું ઉલ્લંઘન છે અને લોકશાહી મૂલ્યોને પણ નુકસાન પહોંચાડે છે. હવે સુપ્રીમ કોર્ટના આગામી નિર્ણય પર દેશભરમાં નજર કેન્દ્રિત થઈ છે, કારણ કે આ કેસ ભવિષ્યમાં વિરોધ પ્રદર્શન દરમિયાન બળના ઉપયોગ અંગે મહત્વપૂર્ણ કાનૂની ધોરણો નક્કી કરી શકે છે.

# રાજ્યસભામાં જાહેર પરીક્ષા સુધારા બિલ અંગે મલ્લિકાર્જુન ખડગેનો સરકાર પર પ્રહાર

નવીદિલ્હી,તા.૩૦

લોકસભામાં પસાર થયા બાદ 'જાહેર પરીક્ષાઓ (અન્યાયી માધ્યમો નિવારણ) સુધારા બિલ, ૨૦૨૬' રાજ્યસભામાં રજૂ કરવામાં આવ્યું હતું. ચર્ચા દરમિયાન વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ સરકાર પર આકરા પ્રહારો કરતા આરોપ લગાવ્યો હતો કે આ બિલ પેપર લીકની ગંભીર સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા માટે નહીં, પરંતુ રસ્તા પર ઉતરેલા આંદોલનકારી યુવાનો અને



વિદ્યાર્થીઓના ગુસ્સાને શાંત કરવા માટે માત્ર રજૂ કરવામાં આવ્યું છે. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે બિલમાં કડક સજા, દંડ, વિશેષ કાર્ય દળ અને ફાસ્ટ-ટ્રેક કોર્ટ જેવી જોગવાઈઓ ઉમેરવાથી પરિસ્થિતિ બદલાશે નહીં, કારણ કે સાચું પરિવર્તન તો જ શક્ય બનશે જ્યારે પરીક્ષાઓ યોજવાની મૂળ પધ્ધતિમાં સુધારા કરવામાં આવે.ખડગેએ દાવો કર્યો હતો કે વિપક્ષ ૨૦૨૪થી કડક કાયદા તથા યોગ્ય સંવાદની માંગ કરી રહ્યો છે, પરંતુ સરકારે તેનો અસ્વીકાર કર્યો હતો. આંદોલન કરી રહેલા વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ જેવા આકરા પગલાં લેવા બદલ તેમણે સરકારની ઝાટકણી કાઢી હતી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સંસદમાં આવીને આ મુદ્દે અધિકૃત નિવેદન આપે તેવી માંગ કરી હતી. આ ચર્ચા દરમિયાન રાજ્યસભામાં નીટ (NEET) વિરોધ પ્રદર્શન અંગે કેન્દ્રીય મંત્રી જે. પી. નડ્ડા અને વિપક્ષી નેતાઓ વચ્ચે તીખી બહસ પણ જોવા મળી હતી.

# ભારતીય રેલ્વેમાં છેલ્લા ૧૨ વર્ષમાં પાંચ લાખથી વધુ રોજગારી : રેલમંત્રી વૈષ્ણવ

નવીદિલ્હી,તા.૩૦

કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે લોકસભામાં માહિતી આપતા જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૪ થી જૂન ૨૦૨૬ દરમિયાન ભારતીય રેલવેમાં વિવિધ હોદ્દાઓ પર ૫.૫૬ લાખથી વધુ લોકોની ભરતી કરવામાં આવી છે. આ સરખામણીમાં યુપીએ સરકારના ૨૦૦૪ થી ૨૦૧૪ સુધીના શાસનકાળ દરમિયાન ૪.૧૧ લાખ લોકોની ભરતી થઈ હતી. તેમણે સ્પષ્ટ કર્યું




હતું કે રેલવે દ્વારા સ્થાપિત માર્ગદર્શિકા મુજબ સંપૂર્ણ પારદર્શક રીતે ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે.

સાંસદ રવિન્દ્ર વસંતરાવ ચવ્હાણ દ્વારા ઉઠાવાયેલા ટીટીઈના વર્કલોડ અંગેના પ્રશ્નનો જવાબ આપતા રેલવે મંત્રીએ જણાવ્યું હતું કે, નવી માર્ગદર્શિકા મુજબ એક ટીટીઈ મહત્તમ પાંચ એસી કોચ અથવા ત્રણ સ્લીપર/ચેર કાર કોચની જવાબદારી સંભાળે છે. આ સિવાય, વંદે ભારત સ્લીપર અને અમૃત ભારત એક્સપ્રેસ માટે કન્ફર્મ ટિકિટ રદ કરવાના નવા નિયમો જાહેર કરવામાં આવ્યા છે.

જે મુજબ ટ્રેનના પ્રસ્થાનના ૭૨ કલાક પહેલા ટિકિટ રદ કરાવવા પર ૨૫ ટકા, ૭૨ થી ૮ કલાક પહેલા ૫૦ ટકા રકમ કાપવામાં આવશે, જ્યારે ૮ કલાકથી ઓછા સમયમાં ટિકિટ રદ કરાવવા પર કોઈ રિફંડ મળશે નહીં.

### દેશની ઊર્જા સુરક્ષા, ખાતરની ઉપલબ્ધતા, ભારતીય નાવિકોની સલામતી અને નિકાસ ક્ષેત્ર પર પડનારી અસરને ધ્યાને લઈ

# પશ્ચિમ એશિયાની સ્થિતિ અંગે વડાપ્રધાન મોદીની ઉચ્ચ સ્તરીય બેઠક

નવીદિલ્હી,તા.૩૦

પશ્ચિમ એશિયામાં વધતા તણાવ અને હોર્મુઝ સ્ટ્રેટ સંબંધિત પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકાર સંપૂર્ણપણે સતર્ક થઈ ગઈ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં યોજાયેલી આ મહત્વપૂર્ણ બેઠકમાં દેશની ઊર્જા સુરક્ષા, ખાતરની ઉપલબ્ધતા, ભારતીય નાવિકોની સલામતી અને નિકાસ ક્ષેત્ર પર પડનારી અસર અંગે



વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી. પ્રધાનમંત્રીએ સ્પષ્ટ કર્યું હતું કે કોઈપણ સંજોગોમાં સામાન્ય નાગરિકો કે ખેડૂતોને કોઈ પણ પ્રકારની અસુવિધાનો સામનો કરવો પડશે નહીં.

વિશ્વભરમાં ભારતીય કે વિદેશી જહાજો પર કામ કરતા તમામ ભારતીય નાવિકોની સલામતીને સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા ગણાવતા તેમણે જરૂર પડ્યે તમામ શક્ય મદદ પૂરી પાડવાની ખાતરી આપી હતી. હોર્મુઝ કટોકટીને કારણે કાચા તેલ અને ગેસના પુરવઠા પર અસર થવાની શક્યતા વચ્ચે મજબૂત ઊર્જા પુરવઠો જાળવી રાખવા અને દેશમાં પીએનજીનો ઉપયોગ ઝડપથી વધારવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. આ ઉપરાંત, કૃષિ ક્ષેત્રે આગામી રવિ પાક માટે પૂરતો ખાતરનો સ્ટોક ઉપલબ્ધ હોવાની સાથે વર્ષ ૨૦૨૭ના ખરીફ પાક માટે અનામત સ્ટોક બનાવવાનું કામ ચાલુ હોવાનું જણાવાયું હતું. ભારતના નિકાસ વેપાર અને અર્થતંત્ર પર પડનારી કટોકટીની અસર ઘટાડવા માટે નિકાસકારોને રાહત આપવાના સંભવિત પગલાં પર પણ ચર્ચા કરવામાં આવી હતી.

# જગદીશ અફાલે રામ મંદિર ટ્રસ્ટના નવા સચિવ બનશે


નવીદિલ્હી,તા.૩૦

શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના નવા સચિવ તરીકે જગદીશ અફાલેની પસંદગી કરવામાં આવી છે, જેની ઔપચારિક જાહેરાત ૨ સપ્ટેમ્બરના રોજ યોજાનારી બેઠકમાં થશે. આઈઆઈટી મુંબઈથી એમ.ટેક. થયેલા અને આરએસએસ સાથે જોડાયેલા અફાલે વર્ષ ૨૦૨૧થી અયોધ્યામાં કોઈ પણ પગાર લીધા વિના માનદ પ્રોજેક્ટ એન્જિનિયર તરીકે નિષ્ઠાપૂર્વક સેવા આપી રહ્યા છે. દાન કૌભાંડના આક્ષેપો બાદ પૂર્વ જનરલ સેક્રેટરી ચંપત રાયના રાજીનામાને પગલે તેમની આ પદ પર નિમણૂક કરાઈ છે.









# કુંકાવાવની વ્રજ વિદ્યાલયમાં ગુરુપૂર્ણિમાની ઉત્સાહભેર ઉજવણી

અમરેલી,તા.૩૦

મોટી કુકાવાવ ખાતે આવેલી વ્રજ વિદ્યાલયમાં પવિત્ર ગુરુપૂર્ણિમા નિમિત્તે વિશિષ્ટ ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજનનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ ગુરુનું વિશિષ્ટ મહત્વ સમજે અને તેમનામાં ભારતીય સંસ્કૃતિના ઉચ્ચ મૂલ્યો તેમજ સંસ્કારોનું સિંચન થાય તેવો હતો. કાર્યક્રમની શરૂઆતમાં તમામ વિદ્યાર્થીઓએ ભાવપૂર્વક ગુરુવંદના કરી હતી. ત્યારબાદ વિવિધ ધોરણના બાળકોએ જીવનમાં ગુરુના યોગદાન વિષે પ્રેરણાદાયી ઉદાહરણો સાથે સુંદર વક્તવ્યો રજૂ કર્યા હતા. વિદ્યાર્થીઓએ નાટકો, સમૂહગીતો અને સંવાદો જેવા વિવિધ સાંસ્કૃતિક પ્રસ્તુતિકરણો દ્વારા દર્શાવ્યું હતું કે આપણા માતા-પિતા જ આપણા પ્રથમ ગુરુ છે અને ત્યારબાદ વિદ્યાગુરુ આપણને સાચો માર્ગ બતાવી જીવનમાં પ્રકાશ



પાથરે છે. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના આચાર્ય વિવેકભાઈ દીક્ષિત, શિક્ષક કેતનભાઈ તેમજ શિક્ષિકાઓ નેહાબેન, વાણીબેન, અન્નપૂર્ણાબેન, રુચિતાબેન, ધ્રુવીબેન, રિધ્ધિબેન, ગોપીબેન, રીટાબેન, સૃષ્ટિબેન, હેમાંશીબેન અને રેશમાબેને વિદ્યાર્થીઓને સુંદર તૈયારી કરાવી હતી.આ ઉત્કૃષ્ટ આયોજન બદલ ટ્રસ્ટના પ્રતિનિધિ ઉદયભાઈ દેસાઈએ સૌને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે બાળકોના સંસ્કાર ઘડતર અને પરિવાર ભાવનાના વિકાસ માટે આવા કાર્યક્રમો ખૂબ મહત્વની ભૂમિકા ભજવે છે. તેમણે બાળકો માતા-પિતા પ્રત્યે આદરભાવ રાખે તે વાત પર વિશેષ ભાર મૂક્યો હતો. આ કાર્યક્રમની સફળતા અંગેની વિગતો મેળવી પ્રમુખ વસંતભાઈ મોવલિયાએ વિદ્યાર્થીઓને ગુરૂ પુર્ણિમાની શુભેચ્છા પાઠવી આનંદ વ્યકત કર્યો હતો.

# સા.કુંડલામાં લાયન્સ ક્લબ દ્વારા રક્તદાન કેમ્પ યોજાયો

સાવરકુંડલા,તા.૩૦

લાયન્સ ક્લબ ઓફ સાવરકુંડલા દ્વારા ગુરુ પૂર્ણિમા નિમિત્તે શ્રી નિર્દોષાનંદજી આશ્રમ ખાતે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. માનવસેવાના આ કાર્યમાં સ્થાનિક લોકો અને સભ્યોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ પ્રસંગે ધારાસભ્ય મહેશભાઈ કસવાળા, આશ્રમના





સેવકગણ તેમજ લાયન્સ ક્લબના હોદેદારોએ ઉપસ્થિત રહી રક્તદાતાઓનો ઉત્સાહ વધાર્યો હતો. માત્ર ૩ કલાકના ટૂંકા સમયગાળામાં ૫૫ બોટલ રક્ત એકત્રિત થયું હતું. બ્લડ બેન્ક ઓફ સાવરકુંડલાના સ્ટાફની કામગીરીને બિરદાવવામાં આવી હતી.

# અમરેલી LCBએ ૧૦ હજારનો ઈનામી આરોપી મુંબઈથી ઝડપ્યો

અમરેલી,તા.૩૦

અમરેલી લોકલ ક્રાઈમ બ્રાન્ચે ખૂનની કોશિશના ગુનામાં ફરાર અને રૂ. ૧૦ હજારના ઈનામી આરોપી જયદેવ નજુભાઈ વાળાને મુંબઈથી ઝડપી પાડ્યો છે. ટેકનિકલ સોર્સ અને બાતમીના આધારે LCBની ટીમે કાર્યવાહી કરી હતી. આરોપી લાંબા સમયથી પોલીસ પકડથી દૂર



હતો. ઝડપી પાડ્યા બાદ તેને વધુ કાયદેસરની કાર્યવાહી માટે અમરેલી સિટી પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે.

# બગસરા પોલીસના લોક દરબારમાં ટ્રાફિક અને પાર્કિંગ મુદ્દે ચર્ચા થઈ

બગસરા,તા.૩૦

બગસરા પોલીસ સ્ટેશન ખાતે લોક દરબારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પી.આઈ. વી.કે. ગોલવેલકર અને અમરેલીના એ.એસ.પી. જયવીર ગઢવીની હાજરીમાં શહેરના અગ્રણીઓ સાથે વિવિધ પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી.




તસવીર : હાર્દિક બામટા

શહેરમાં વધતી ટ્રાફિક સમસ્યા તેમજ આડેધડ વાહન પાર્કિંગ અંગે રજૂઆતો કરવામાં આવી હતી. પોલીસ અધિકારીઓએ વહેલી તકે યોગ્ય કાર્યવાહી કરી સમસ્યાનું નિરાકરણ લાવવાની ખાતરી આપી હતી. ઉપરાંત કોઈ ઘટના કે મુશ્કેલી સમયે સરકારની ૧૧૨ ઈમરજન્સી સેવાનો ઉપયોગ કરવા અપીલ કરવામાં આવી હતી. પોલીસે જણાવ્યું કે માહિતી મળ્યા બાદ ટીમ ઝડપથી ઘટનાસ્થળે પહોંચી જરૂરી કાર્યવાહી કરશે.

# લીલીયાની ગુંદરણ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ તાલુકા કક્ષાએ ચમક્યા

લીલીયા,તા.૩૦



લીલીયાની ગુંદરણ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ તાલુકા કક્ષાની રમતગમત સ્પર્ધામાં શાનદાર પ્રદર્શન કર્યું છે. અંડર-૧૪ વિભાગમાં ચક્રફેંક સ્પર્ધામાં સૈયદ આર્યન નજુભાઈ પ્રથમ સ્થાને રહ્યા હતા. જ્યારે ૬૦૦ મીટર દોડમાં ભાભર રાકેશ વરસિંહભાઈએ પણ પ્રથમ સ્થાન મેળવ્યું હતું. બંને વિજેતા વિદ્યાર્થીઓને આચાર્ય પારૂલબેન સોજીત્રા, શાળા પરિવાર અને ગ્રામજનોએ અભિનંદન પાઠવી જિલ્લાકક્ષાની સ્પર્ધા માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

# દામનગરમાં નણંદોના મેણા-ટોણા અને ત્રાસથી કંટાળી પરિણીતાએ ફિનાઈલ પીધું

દામનગર, તા. ૩૦

દામનગરના આંબેડકરનગર વિસ્તારમાં નણંદોના માનસિક ત્રાસ અને વારંવારના કંકાસથી કંટાળીને એક ૨૮ વર્ષીય પરિણીતાએ ફિનાઈલ ગટગટાવી આપઘાત કરવાનો પ્રયાસ કર્યાનો બનાવ સામે આવ્યો હતો. ગંભીર હાલતમાં પરિણીતાને પ્રથમ સ્થાનિક હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર અર્થે અમરેલી ખસેડવામાં આવી હતી.દામનગરના ધામેલ રોડ પર આવેલા આંબેડકરનગરમાં રહેતી પરિણીતા અને તેમના પતિને તેમની નણંદો અવારનવાર બદનામ કરવાના હેતુથી મેણા-ટોણા મારતી હતી. નણંદો દ્વારા પરિવારમાં સતત ઝઘડા કરાવવામાં આવતા હતા અને દંપતીને ખોટી રીતે હેરાન-પરેશાન કરવામાં આવતું હતું. નણંદોના સતત માનસિક ત્રાસથી કંટાળીને અને મનમાં ખરાબ વિચારો આવતાં પરિણીતાએ પોતાના ઘરના બાથરૂમમાંથી ફિનાઈલની બોટલ લઈ ફિનાઈલ પી લીધું હતું. દામનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ડી. એ. ચારોલા વધુ તપાસ કરી રહ્યા છે.

# વડિયાના બરવાળા બાવળ ગામે યુવકે સાડી વડે ગળે ફાંસો ખાધો

વડિયા, તા.૩૦

વડિયાના બરવાળા બાવળ ગામે યુવકે સાડી વડે ગળે ફાંસો ખાધો હતો, જેના કારણે તેનું મોત થયું હતું. ચંદુભાઈ હરીભાઈ સોજીત્રા (ઉં.વ.૫૯) એ જાહેર કર્યા મુજબ, મનીષભાઈ ચંદુભાઈ સોજીત્રા (ઉં.વ.૩૫) એકલવાયા જીવનથી કંટાળી ગયા હતા. જેના કારણે તેમણે પોતાના ઘરે

**વડિયા પોલીસ સ્ટેશનના એએસઆઈ એસ.એલ. જાડેજાએ તપાસ હાથ ધરી**

ઉપરના રૂમમાં સાડી વડે ગળે ફાંસો ખાઈ લેતાં તેમનું મોત નીપજ્યું હતું. વડિયા પોલીસ સ્ટેશનના એએસઆઈ એસ. એલ. જાડેજા વધુ તપાસ કરી રહ્યા છે.

# દામનગર લટુરિયા હનુમાનજી મંદિર ખાતે મહારક્તદાન કેમ્પમાં યુવાનોમાં ઉત્સાહ

દામનગર,તા.૩૦

દામનગર લટુરિયા હનુમાનજી મંદિર પરિસરમાં સવારથી જ શ્રધ્ધાળુઓની ભારે ભીડ જોવા મળી હતી. ભજન, દર્શન, પૂજન અને અર્ચન સાથે મહારક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. હઠયોગી ખડેશ્વરી તપોનિષ્ઠ પૂજ્ય ઘનશ્યામગિરી બાપુએ દીપ પ્રાગટ્ય કરીને સેવા યજ્ઞનો પ્રારંભ કરાવ્યો હતો. ત્યારબાદ યુવાનોએ ઉત્સાહપૂર્વક રક્તદાન માટે કતારો લગાવી હતી. થેલેસેમિયા પીડિત બાળકોના



તસવીર : વિનોદ જયપાલ

હિતમાં ભાવનગર બ્લડ બેંક દ્વારા રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું. હજારો ભાવિકોએ મહાપ્રસાદનો લાભ લીધો હતો. ઘનશ્યામગિરી બાપુએ "પ્રાર્થના કરતા મદદ કરતા હાથ વધુ પવિત્ર છે" અને "માનવતા કરતાં મોટો કોઈ ધર્મ નથી" એવો પ્રેરણાદાયી સંદેશ આપ્યો હતો.

# બગસરા ભાજપના પાંચ આગેવાનોને વિવિધ તાલુકા અને શહેરોના પ્રભારી બનાવાયા

બગસરા,તા.૩૦

ગુજરાતમાં આગામી વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને ભાજપના મોવડી મંડળ દ્વારા સંગઠનાત્મક નિમણૂકો કરવામાં આવી છે. જેમાં બગસરાના પાંચ સક્રિય આગેવાનોને વિવિધ તાલુકા અને શહેરોના પ્રભારી તરીકેની મહત્વની જવાબદારી સોંપવામાં આવી છે. જેમાં યુવા કાર્યકર્તા અનિલભાઈ વેકરીયાને બાબરા શહેરના પ્રભારી, જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના પૂર્વ ચેરમેન ધીરૂભાઈ કોટડીયાને ધારી તાલુકાના પ્રભારી તેમજ મનોજભાઈ મહિડાને સાવરકુંડલા શહેરના પ્રભારી બનાવાયા છે. આ ઉપરાંત બગસરા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ અરવિંદભાઈ રિબડીયાને લાઠી શહેરના અને પૂર્વ ઉપપ્રમુખ રાજુભાઈ ગીડાને ધારી શહેરના પ્રભારી તરીકે નીમવામાં આવ્યા છે. બગસરા શહેર અને તાલુકા ભાજપ દ્વારા આ તમામ નવી નિમણૂકોને

**આગામી ચૂંટણીલક્ષી સંગઠનને મજબૂત કરવા ભાજપ મોવડી મંડળની મહત્વની નિમણૂક**

હૃદયપૂર્વક આવકારવામાં આવી છે અને આગામી સમયમાં પક્ષનું સંગઠન વધુ મજબૂત બનશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.

# અમરેલીમાં વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા ગુરુપૂર્ણિમાની ઉજવણી

અમરેલી,તા.૩૦

અમરેલી જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા ગુરુપૂર્ણિમા ઉત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ નિમિત્તે વિદ્યાર્થી પ્રમુખ દ્વારા વિવિધ શાળા અને કોલેજના સંચાલકો તેમજ શિક્ષકોના આશીર્વાદ મેળવવામાં આવ્યા



હતા.આ કાર્યક્રમમાં અમરેલી જિલ્લા વિદ્યાર્થી પ્રમુખ આર્યન માધવડ, વિદ્યાર્થી સહપ્રમુખ ભવ્ય સવાણી, વિદ્યાર્થી સહપ્રમુખ કુણાલ ભુવા, સાપ્તાહિક મિલન કેન્દ્ર પ્રમુખ માધવ ભટ્ટ, સુરક્ષા પ્રમુખ કુણાલ જોશી, સુરક્ષા સહપ્રમુખ આર્યન ભુવા, સુરક્ષા સહપ્રમુખ રઘુવીર ભુવા અને બલોપાસના કેન્દ્ર પ્રમુખ વરૂણ ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા.










# રાજકોટમાં હાઈકોર્ટ બેન્ચની માંગ સાથે વડિયા બાર એસોસિએશનનું આવેદન

વડિયા,તા.૩૦



અમદાવાદ ખાતે હાઈકોર્ટનું કાર્ય ચાલતું હોવાથી સૌરાષ્ટ્ર-કચ્છના લોકોને લાંબું અંતર કાપવું પડે છે. તેને ધ્યાનમાં રાખી રાજકોટ ખાતે હાઈકોર્ટની બેન્ચ સ્થાપવાની માંગ વધુ મજબૂત બની રહી છે. ૨૫ જુલાઈએ રાજકોટમાં વિવિધ બાર એસોસિએશનના પ્રમુખોની બેઠકમાં લેવાયેલા નિર્ણય મુજબ ૨૯ જુલાઈએ એક દિવસ કોર્ટની કામગીરીથી અળગા રહી મામલતદાર અને પ્રાંત કચેરીઓમાં આવેદનપત્ર પાઠવવામાં આવ્યા હતા. તેના ભાગરૂપે વડિયા બાર એસોસિએશને પ્રમુખ ભીખુભાઈ વોરાની આગેવાનીમાં વડિયા મામલતદારને આવેદનપત્ર આપી રાજકોટમાં હાઈકોર્ટની બેન્ચ શરૂ કરવાની માંગ કરી હતી. હાઈકોર્ટ બેન્ચને કારણે સૌરાષ્ટ્ર-કચ્છના લોકોને સમય અને આર્થિક ખર્ચમાં રાહત મળશે તેવી રજૂઆત કરવામાં આવી હતી.

# અતિવૃષ્ટિથી થયેલા નુકસાન અંગે પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુ ઉંધાડે કરી માંગ

અમરેલી,તા.૩૦

રાજ્યમાં ભારે વરસાદને કારણે અમદાવાદ, સુરત, નવસારી, વાપી અને વલસાડ સહિતના વિસ્તારોમાં રહેણાંક મકાનો, દુકાનો અને ફેક્ટરીઓમાં પાણી ભરાઈ જતાં મોટું નુકસાન થયું છે. આ અતિવૃષ્ટિ દરમિયાન મોટી સંખ્યામાં વાહનો પાણીમાં ડૂબી જવાથી વાહનધારકોને ભારે આર્થિક ફટકો પડ્યો છે.આ ગંભીર પરિસ્થિતિને ધ્યાને લઈ પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુ ઊંધાડે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર લખીને અસરગ્રસ્તોને યોગ્ય વળતર આપવા માંગ કરી છે. તેમણે



રજૂઆત કરી છે કે જે વાહનો સંપૂર્ણપણે 'ટોટલ લોસ' થયા છે, તેવા માલિકો જો નવું વાહન ખરીદે તો તેમને **RTO** ટેક્સમાં રાહત આપવા માટે ખાસ સહાય યોજના જાહેર કરવામાં આવે.

આ ઉપરાંત વરસાદથી પ્રભાવિત વિસ્તારોમાં પણ તાત્કાલિક મદદ પૂરી પાડવાની અપીલ કરવામાં આવી છે.

**વાહનો માટે વળતર પોલિસી જાહેર કરવા મુખ્યમંત્રીને પત્ર લખ્યો**

# ગળકોટડી રામદેવપીર આશ્રમે ગુરુપૂર્ણિમાની ઉજવણી કરાઈ

બાબરા,તા.૩૦



બાબરા તાલુકાના ગળકોટડી ગામે આવેલ રામદેવપીર આશ્રમ ખાતે ૬૦ વર્ષ જૂની પરંપરા મુજબ મહંત મહેશનાથ બાપુના સાનિધ્યમાં ગુરુપૂર્ણિમાનો પાવન ઉત્સવ ભક્તિભાવપૂર્વક ઉજવાયો. આ પ્રસંગે રામદેવપીરનો પાઠ યોજાયો હતો, જેમાં વિવિધ વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં સાધુ-સંતો અને ભક્તજનોએ દર્શન કરી ધન્યતા અનુભવી હતી.આશ્રમ પરિવાર અને ગામજનોના સહયોગથી સમગ્ર કાર્યક્રમ સફળ રહ્યો હતો.

# સ્વામિનારાયણ ગુરુકુળ સાવરકુંડલામાં ગુરુપૂર્ણિમાની ઉત્સાહભેર ઉજવણી કરાઈ

સાવરકુંડલા,તા.૩૦

સાવરકુંડલા સ્થિત સ્વામિનારાયણ ગુરુકુળ ખાતે ગુરુપૂર્ણિમા મહોત્સવ શ્રધ્ધા અને ભક્તિસભર વાતાવરણમાં ઉજવાયો. પૂજ્ય શાસ્ત્રી ભગવતપ્રસાદદાસજી સ્વામી તથા કોઠારી પૂજ્ય અક્ષર મુક્તદાસજી સ્વામીના સાન્નિધ્યમાં યોજાયેલા આ



કાર્યક્રમની શરૂઆત ધૂન અને પ્રાર્થનાથી થઈ હતી. સંતોએ ગુરુમહિમા, સંસ્કાર, શિસ્ત અને માતા-પિતાની સેવાનું મહત્વ સમજાવતા પ્રેરણાદાયી આશીર્વચન આપ્યા હતા. ધોરણ ૮ થી ૧૨ના વિદ્યાર્થીઓએ ભક્તિમય ભજનો રજૂ કર્યા હતા. શાળાના તમામ કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓએ ભાવપૂર્વક ગુરુપૂજન કરી સંતોના આશીર્વાદ મેળવ્યા હતા.

સમગ્ર ગુરુકુળ પરિવારના આયોજનથી કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

# દામનગરમાં વીજ તંત્ર દ્વારા ટ્રાન્સફોર્મર નજીક જોખમી ડાળીઓનું કટિંગ કરાયું

દામનગર,તા.૩૦



ચોમાસાની ઋતુમાં વીજ થાંભલાઓ અને ટ્રાન્સફોર્મર (ટીસી)ની આસપાસ ઉગી નીકળેલા જોખમી વૃક્ષો અને ડાળીઓને કારણે અકસ્માત ન સર્જાય તે માટે દામનગરમાં પીજીવીસીએલ ટીમ દ્વારા કટિંગ કામગીરી હાથ ધરવામાં આવી હતી. વીજ તંત્ર દ્વારા બહારપરા, રામાપીર મંદિર પાસે, ભવાની ચોક, બસ સ્ટેન્ડ સામે, **BSNL** ટાવર અને હરિકૃષ્ણ નગર વિસ્તારના ટ્રાન્સફોર્મર પાસે રહેલી જોખમી ડાળીઓનું કટિંગ કર્યું હતું.

# ચલાલા ગાયત્રી ધામમાં ગુરુપૂર્ણિમાની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી

ચલાલા,તા.૩૦

ચલાલા ખાતે આવેલા ગાયત્રી ધામમાં ગુરુપૂર્ણિમા પર્વની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ પવિત્ર પ્રસંગે ગાયત્રી સંસ્કાર ધામના વડા સંત ડૉ. રતી દાદાના આશીર્વાદ મેળવવા મોટી સંખ્યામાં ભક્તો, સેવકો અને શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં ગાયત્રી સંસ્કાર વિદ્યાલય, સંસ્કૃતિ ગુરુકુલ, રક્ષા શક્તિ ગર્લ્સ સ્કૂલ તેમજ હરિબા મહિલા કોલેજના



વિદ્યાર્થીઓ અને શિક્ષકો સહિત દેશ-વિદેશથી આવેલા સેવકોએ હાજરી આપી હતી. સૌએ ગુરુચરણોમાં વંદન કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. આ પ્રસંગે ડૉ. રતી દાદાએ ગુરુના મહિમા પર પ્રેરણાદાયી પ્રવચન આપતાં ભારતીય સંસ્કૃતિ, સદાચાર અને સંસ્કારોનું મહત્વ સમજાવ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને જીવનમાં સારા મૂલ્યો અપનાવી ગુરુના માર્ગદર્શન મુજબ આગળ વધવાનો સંદેશ આપ્યો હતો.

# સાવરકુંડલા સરકારી હોસ્પિટલમાં ડોક્ટરો દ્વારા ૨૪ કલાકમાં ૧૬ સફળ પ્રસૂતિ

સાવરકુંડલા,તા.૩૦

સાવરકુંડલા ખાતે આવેલી કે. કે. મહેતા સરકારી હોસ્પિટલમાં તાજેતરમાં તબીબી સ્ટાફના આયોજનના પરિણામે માત્ર ૨૪ કલાકમાં કુલ ૧૬ સફળ પ્રસૂતિઓ કરાવવામાં આવી છે. આ સફળ કામગીરીમાં ૧૨ સામાન્ય પ્રસૂતિ અને ૪ સિઝેરિયન શસ્ત્રક્રિયાનો સમાવેશ થાય છે. તબીબો અને નર્સિંગ સ્ટાફની સમયસૂચકતાને કારણે તમામ માતાઓ અને નવજાત બાળકો સંપૂર્ણપણે



સ્વસ્થ છે. હોસ્પિટલના અધિક્ષક ડૉ. વિવેક તરસરીયા, ગાયનેકોલોજિસ્ટ તેમજ એનેસ્થેટિસ્ટની ટીમે સાથે મળીને આ ઉત્કૃષ્ટ સેવા આપી હતી. આ દરમિયાન દર્દીઓને જનની સુરક્ષા યોજના જેવી સરકારી યોજનાઓ હેઠળ નિઃશુલ્ક સારવાર અને દવાઓ પૂરી પાડવામાં આવી હતી, જેથી સ્થાનિક રહીશોમાં સરકારી આરોગ્ય સેવાઓ પ્રત્યે વિશ્વાસ વધુ સુદ્રઢ બન્યો છે.






# લીલીયામાં HP ગેસધારકો માટે તાલુકા પંચાયત પ્રમુખે મામલતદારને પત્ર પાઠવ્યો

લીલીયા,તા.૩૦

લીલીયા મોટા તાલુકા પંચાયતના પ્રમુખ જગદીશભાઈ દેથલીયાએ મામલતદારને પત્ર પાઠવી રજૂઆત કરી છે. લીલીયા તાલુકામાં **HP** ગેસ કનેક્શન ધરાવતા મૂળ ગ્રાહકોના અવસાન બાદ વારસદારોના નામે નામ ટ્રાન્સફર કરાવવામાં ભારે મુશ્કેલી પડી રહી છે. વારંવાર એજન્સી અને કચેરીના ધક્કા ખાવા છતાં ગ્રાહકોને સ્પષ્ટ માર્ગદર્શન કે યોગ્ય સહકાર મળતો નથી, જેનાથી ગરીબ



વારસદારો પરેશાન થાય છે. આ પ્રશ્નને આગામી તાલુકા સંકલન સમિતિની બેઠકમાં ચર્ચામાં લઈ, ગેસ એજન્સીના સંચાલકોને જરૂરી સૂચના આપવા અને ઝડપી ટ્રાન્સફર કાર્યવાહી થાય તેવી માંગ કરવામાં આવી છે.






## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટમાં

જન્મ/મરણ પરચુરણ અરજી નં.૧૦૮/૨૬ તા.૨૭/૦૭/૨૦૨૬

**વિવાદી :-** **શ્રી તળાવીયા ભીમજીભાઈ ભગવાનભાઈ**
**રહે. ૮૯-સીતાનગર સોસાયટી, પુણાગામ, ચોર્યાસી, બોમ્બે માર્કેટ,સુરત-૩૯૫૦૧૦ મો.નં.૯૪૨૮૭ ૬૯૦૯૯**
**અરજદારશ્રીના વિ.વ.હિરલ એન. ડેર એડવોકેટ**
**લાઠી, મો. ૭૪૩૬૦ ૦૧૬૧૨**

- //વિરૂધ્ધ//-

**પ્રતિવિવાદી :-** જન્મ-મરણ નોંધણી અધિકારી - વ - તલાટી કમ મંત્રીશ્રી
મુ.આંબરડી, તા.લાઠી, જિ.અમરેલી

**-// નોટીસ //-**
**(મરણનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.આંબરડી ગામના રહિશ આ કામના અરજદારશ્રીના માતા મણીબેન ભગવાનભાઈ તળાવીયાનું મરણ તા.૨૦/૦૮/૧૯૯૯ ના રોજ મુ.આંબરડી, તા. લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના મરણની નોંધ કરાવેલ ન હોય/મરણની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી મરણની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૦૮/૦૭/૨૦૨૬થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ-મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૬/૦૮/૨૦૨૬ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**લાઠી**

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટમાં

જન્મ/મરણ પરચુરણ અરજી નં.૧૦૯/૨૬ તા.૨૭/૦૭/૨૦૨૬

**વિવાદી :-** **શ્રી દેવકુંવરબેન પોપટભાઈ તળાવીયા વા/ઓ મનસુખભાઈ રાદડીયા,**
**રહે. બી-૫૦, અંબિકા નગર સોસાયટી, આરોગ્ય કેન્દ્ર પાછળ, કતારગામ, સુરત-૩૯૫૦૦૪**
**અરજદારશ્રીના વિ.વ.હિરલ એન. ડેર એડવોકેટ**
**લાઠી, મો. ૭૪૩૬૦ ૦૧૬૧૨**

- //વિરૂધ્ધ//-

**પ્રતિવિવાદી :-** જન્મ-મરણ નોંધણી અધિકારી - વ - તલાટી કમ મંત્રીશ્રી
મુ.આંબરડી, તા.લાઠી, જિ.અમરેલી

**-// નોટીસ //-**
**(મરણનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.આંબરડી ગામના રહિશ આ કામના અરજદારશ્રીના પિતા પોપટભાઈ બેચરભાઈ તળાવીયાનું મરણ તા.૧૩/૦૭/૧૯૬૫ ના રોજ મુ.આંબરડી, તા. લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના મરણની નોંધ કરાવેલ ન હોય/મરણની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી મરણની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૦૮/૦૭/૨૦૨૬થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ-મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૬/૦૮/૨૦૨૬ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**લાઠી**

## મામલતદાર અને એકઝીક્યુટિવ મેજિસ્ટ્રેટની કોર્ટમાં, ભેંસાણ

**-:: જાહેર નોટીસ ::-**

**કેસ.નં.જન્મ-મરણ/૭૨/૨૦૨૬**

શ્રી કમલેશ કનુભાઈ ચૌહાણ,
રહે. રાજકોટ, ઠે. મેટોરા નિવાસ, ચામુંડા નગર, શેરી-૧,
માયાણી નગર પાસે, નાના મૌવા મેઈન રોડ, મવડી પ્લોટ, રાજકોટ-૩૬૦૦૦૪
એડવોકેટ: મનિષ એલ. કાપડીયા, પરબ રોડ, મુ. ભેસાણ,
તા. ભેસાણ, જિ. જુનાગઢ ......વાદી

**વિરૂધ્ધ**

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી – ખાખરા હડમતીયા,
તા. ભેસાણ, જિ. જુનાગઢ .....પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ – ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દવારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી કમલેશ કનુભાઈ ચૌહાણનો જન્મ તા. ૧૨/૧૦/૧૯૯૦ ના રોજ ગામ/મોજે: ખાખરા હડમતીયા, તા. ભેસાણ, જિ. જુનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે અરજદારશ્રીની જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી-ખાખરા હડમતીયા, તા. ભેસાણ, જિ. જુનાગઢ ના રેકોર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે, જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ :- ૨૪ મી માહે : જુલાઈ સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યા

કોર્ટનો સિક્કો

**સહી,**
**(આઈ.આર. પારગી)**
**મામલતદાર અને**
**એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ**
**ભેંસાણ**

## -// જાહેર નોટીસ //-

ફો.પ.અ.નં.૧૧૯/૨૦૨૬

## મહે. શ્રી લાઠી તાલુકા મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ.લાઠી

અરજદાર તર્ફે વિ.વ. શ્રી જી.સી. કોટડીયા રહે લાઠી
અરજદાર :- કાકડીયા મનુભાઈ લવાભાઈ ઉ.વ.૬૨
ધંધો: નીવુતી હિન્દુ/પટેલ
રહે.જરખીયા, તા. લાઠી જી. અમરેલી

- //વિરૂધ્ધ//-

સામાવાળા :- જન્મ મરણ નોંધણી અધીકારી ત.ક.મ. જરખીયા ગ્રામ પંચાયત

આથી લાગતા વળગતા સર્વે ને જાણ કરવામાં આવે છે કે, ઉપરોક્ત અરજદાર પોતે જરખીયા ગામ ના રહેવાસી છે. અરજદારના પુત્ર **કાકડીયા અલ્પેશભાઈ મનુભાઈ**ની જન્મ નોંધ કરાવવા માટે અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. અરજદારના પુત્ર **કાકડીયા અલ્પેશભાઈ મનુભાઈ**નો જન્મજે તે સમયે જરખીયા મુકામે જન્મ તારીખ-**૦૧/૦૬/૧૯૮૩** ના રોજ થયેલ છે જે અંગેની જન્મ નોંધણી કરાવવા માટે આ અરજી કરેલ છે. આ અરજી સામે કોઈ ને વાંધો/તકરાર કે હરકત હોય તેમણે મુદત તારીખ-૨૭/૮/૨૦૨૬ ના રોજ અત્રેની કોર્ટ લાઠી તાલુકા મેજીસ્ટ્રેટ સાહેબની કચેરી ખાતે સવાર/બપોરના ૩:૩૦ કલાકે ઉપસ્થિત રહેવું. તેમાં કસુર થયે આગળની યોગ્ય તે ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

**સ્થળ : લાઠી**
**તારીખ : ૨૭/૦૭/૨૦૨૬**

**શીરીસ્તેદાર ઓફ લાઠી તાલુકા**
**મેજીસ્ટ્રેટ સાહેબ કચેરી**

# અમરેલીના તરકતળાવમાં પ્રાકૃતિક ખેતી અંગે ખેડૂતોને અપાઈ તાલીમ

અમરેલી,તા.૩૦



અમરેલી જિલ્લાના તરકતળાવ ગામે ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ પ્રોત્સાહિત કરવા માટે વિશેષ તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. અમરેલીની કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ દ્વારા આયોજિત આ તાલીમમાં ૭૫થી વધુ ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન ડૉ. કે.વી. ચૌધરી, ડૉ. જે.આર. ડામોર, કુ. આર.એચ. વઘાસિયા, ખેતી અધિકારી એચ. વી. વળિયા અને ખેતી મદદનીશ એસ.એ. બારડ દ્વારા પ્રાકૃતિક ખેતીના સિધ્ધાંતો અને તેના લાભોની માહિતી આપવામાં આવી હતી. તાલીમમાં બીજામૃત, જીવામૃત, આચ્છાદન, વાપસા અને મિશ્ર પાક પધ્ધતિ અંગે સમજણ આપવામાં આવી હતી. સાથે જ રાસાયણિક, સેન્દ્રિય અને પ્રાકૃતિક ખેતી વચ્ચેનો તફાવત તેમજ જમીનની ફળદ્રુપતા જાળવવા, ઉત્પાદન ખર્ચ ઘટાડવા અને પર્યાવરણનું સંરક્ષણ કરવા અંગે માર્ગદર્શન અપાયું હતું. ખેડૂતો સાથે પ્રશ્નોત્તરી યોજી તેમની શંકાઓનું નિરાકરણ કરવામાં આવ્યું હતું.

# ૪૫૦૦થી વધુ વિદ્યાર્થીઓની હાજરીમાં ગજેરા સંકુલમાં ગુરુપૂર્ણિમાની ઉજવણી

અમરેલી,તા.૩૦



શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલ, શ્રીમતી ચંપાબેન વસંતભાઈ ગજેરા સ્કૂલ (ગુજરાતી, મિશ્ર અને અંગ્રેજી માધ્યમ) તેમજ જ્ઞાન શક્તિ રેસિડેન્સિયલ સ્કૂલ ઓફ એક્સેલન્સ-૧ અને ૨ ખાતે ગુરુપૂર્ણિમાની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. બાલમંદિરથી ધોરણ-૧૨ સુધીના ૪૫૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓએ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરાને પ્રેરણાસ્ત્રોત અને ગુરુરૂપે સ્વીકારી રાષ્ટ્રસેવા, સમાજના શ્રેષ્ઠ નાગરિક બનવા અને જીવનભર વ્યસનથી દૂર રહેવાનો સંકલ્પ લીધો. ૨૦૦૦થી વધુ વિદ્યાર્થીઓએ આ પ્રતિજ્ઞા સાથે દેશસેવા માટે સતત કાર્યરત રહેવાની પ્રતિબધ્ધતા વ્યક્ત કરી હતી. કાર્યક્રમની સૌથી ભાવુક ક્ષણ ત્યારે સર્જાઈ જ્યારે ૩૭૦૦થી વધુ હોસ્ટેલના વિદ્યાર્થીઓએ પોતાના માતા-પિતાને આભારપત્ર લખી તેમના ત્યાગ, પ્રેમ અને સંસ્કારો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. મુખ્ય અતિથિ તરીકે નિત્ય સુંધાનંદજી સરસ્વતી સ્વામી સહિત અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# સા.કુંડલાની એસ.વી. દોશી ગર્લ્સ સ્કૂલમાં ગુરુપૂર્ણિમાની ઉત્સાહભેર કરાઈ ઉજવણી

સાવરકુંડલા,તા.૩૦



સાવરકુંડલાની એસ.વી. દોશી ગર્લ્સ હાઈસ્કૂલ અને એ.કે. ઘેલાણી હાયર સેકન્ડરી સ્કૂલ, ખાતે ગુરુપૂર્ણિમાની ભાવપૂર્વક ઉજવણી કરાઈ હતી. આચાર્યશ્રી ઉષાબેન તેરૈયાના માર્ગદર્શન હેઠળ આયોજિત કાર્યક્રમની શરૂઆત ગુરુવંદના અને ગુરુપૂજનથી થઈ હતી. પર્યાવરણ જતન અર્થે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થિનીઓની સર્જનાત્મકતા ખીલવવા 'વર્ગ સુશોભન' અને 'વેસ્ટમાંથી બેસ્ટ' સ્પર્ધાઓ યોજાઈ હતી. સાંસ્કૃતિક કાર્યક્રમમાં બહેનોએ ગીત, નૃત્ય અને વક્તવ્ય દ્વારા ગુરુમહિમા વર્ણવ્યો હતો. વિજેતાઓને ઈનામો આપી પ્રોત્સાહિત કરાયા હતા. આચાર્યએ આદર્શો અપનાવવા પ્રેરણા આપી હતી અને સંગીતાબેન પરમારે કાર્યક્રમનું સફળ સંચાલન કર્યું હતું.

# અમરેલીમાં ત્રણ સ્થળેથી દેશી દારૂ બનાવવાનો ૫૫૦ લીટર આથો ઝડપાયો

અમરેલી, તા.૩૦

અમરેલીમાં ત્રણ સ્થળેથી દેશી દારૂ બનાવવાનો ૫૫૦ લીટર આથો ઝડપાયો હતો. ચીતલ-મોણપુર રોડ, દેવીપૂજક વાસમાંથી ૫૦ લીટર, ચીતલ-મોણપુર રોડ, દેવીપૂજકના સ્મશાન પાસે બાવળની કાંટમાંથી ૨૦૦ લીટર તથા અમરેલી-સાવરકુંડલા રોડ, લીલાનગર પાણીના ટાંકા પાસેથી ૩૦૦ લીટર મળી કુલ ૫૫૦ લીટર આથો પકડાયો હતો. પોલીસે ત્રણેય સ્થળેથી મળી ૧૪,૦૫૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. અમરેલી, સાવરકુંડલા બાયપાસ, લીલાનગર પાસેથી દેશી દારૂ બનાવવાની ભઠ્ઠી ઝડપાઈ હતી. જિલ્લામાંથી ૨૦ ઈસમો કેફી પીણું પીને ફરતા મળી આવ્યા હતા. રાજુલા, ડુંગર અને અમરેલીમાંથી એક-એક ઈસમ કેફી પીણું પીને વાહન ચલાવતા મળી આવ્યા હતા.

# અમરેલીમાં તાર ફેન્સિંગ યોજનાના લાભાર્થીઓને ૬૦ દિવસમાં કામગીરી પૂર્ણ કરવાની સૂચના

**સમયમર્યાદામાં દસ્તાવેજ અપલોડ નહી થાય તો અરજી રદ થશે, સહાયનો લાભ મળશે નહી**

અમરેલી,તા.૩૦

અમરેલી જિલ્લામાં તાર ફેન્સિંગ યોજનામાં પૂર્વ મંજૂરી મેળવનાર તમામ લાભાર્થીઓને જિલ્લા ખેતીવાડી અધિકારી કચેરી દ્વારા મહત્વપૂર્ણ સૂચના આપવામાં આવી છે. પ્રથમ તબક્કામાં તા. ૫ જૂનથી ૧૯ જૂન, ૨૦૨૬ દરમિયાન ૪૪૯ લાભાર્થીઓને પૂર્વ મંજૂરી આપવામાં આવી હતી.

લાભાર્થીઓએ મંજૂરી મળ્યાના ૬૦ દિવસની અંદર નિર્ધારિત સ્પેસિફિકેશન મુજબ તાર ફેન્સિંગનું કામ પૂર્ણ કરી જીપીએસ સાથેના ફોટા, જીએસટી બિલ તથા જરૂરી દસ્તાવેજો આઈ-ખેડૂત પોર્ટલ પર અપલોડ કરવા પડશે. ત્યારબાદ તમામ અસલ દસ્તાવેજો સંબંધિત તાલુકાના વિસ્તરણ અધિકારી (ખેતી) અને ગ્રામસેવકને જમા કરાવવાના રહેશે. સમયમર્યાદા બાદ અપલોડ અથવા ક્લેમ રજૂ કરનાર અરજદારોની અરજી રદ ગણાશે અને સહાય માટે કોઈ દાવો માન્ય રહેશે નહીં.

# અમરેલીમાં સીનિયર સિટીઝન્સ સોસાયટીના દ્વિદશાબ્દિ મહોત્સવ નિમિત્તે મૌન રેલીનું આયોજન

અમરેલી,તા.૩૦



અમરેલીમાં સીનિયર સિટીઝન્સ સોસાયટીના દ્વિદશાબ્દિ મહોત્સવની પૂર્વ સંધ્યાએ મૌન રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. આ મહોત્સવની પૂર્વ સંધ્યાએ ૧૭ જુલાઈના રોજ સાંજે ૪/૩૦ થી ૬/૩૦ દરમ્યાન સોસાયટીના ભાઈઓ, બહેનો તથા ઈનરવ્હીલ ક્લબની બહેનો દ્વારા ભવ્ય મૌન રેલી કાઢવામાં આવી હતી. જેમાં પર્યાવરણ, વ્યસનમુક્તિ, પ્લાસ્ટિક નાબુદી, સ્વચ્છતા તથા વડિલોનું સન્માન જેવા સમાજ ઉપયોગી પ્લેકાર્ડ સાથે સિનિયર સિટીજન્સ પાર્કથી જીવરાજ મહેતા ચોક, લાઈબ્રેરી ચોક, નાગનાથ ચોક, નાના બસસ્ટેશન, ગાંધીબાગ થઈ પાર્ક ખાતે પરત આવેલ. આ રેલીને સફળ બનાવવા પ્રમુખ કાચાભાઈ, ઉપપ્રમુખ સી.કે. ટાંક, મંત્રી સુરેશભાઈ ત્રિવેદી, સહમંત્રી ભારતીબેન પંડ્યા, ખજાનચી કિરણભાઈ નાંઢા, સંગઠન મંત્રી ટોમભાઈ અગ્રાવત, પ્રવાસ મંત્રી ચંપકભાઈ પટેલ, કારોબારી સભ્યો જયપ્રકાશ માખેચા, કે.પી. પંડ્યા, બીનાબેન ત્રીવેદી, પૂર્વ મંત્રી કનુભાઈ જોષી, પૂર્વ ખજાનચી જેરામભાઈ પટોળીયા વગેરેએ જહેમત ઉઠાવી હતી.

# લાઠીના ભાલવાવ ગામની સીમમાં તારી ઉપર ટ્રેક્ટર ચડાવી દેવું છે કહી યુવકને ધમકી આપી

**"આ રસ્તે તારે ચાલવાનો કોઈ હક નથી" તેમ પણ કહ્યું**

લાઠી, તા.૩૦

લાઠીના ભાલવાવ ગામની સીમમાં "તારી ઉપર ટ્રેક્ટર ચડાવી દેવું છે'' કહી એક યુવકને ધમકી આપવામાં આવી હતી. તેમજ આ રસ્તે તારે ચાલવાનો કોઈ હક નથી તેમ પણ કહ્યું હતું. આ બનાવ સંદર્ભે અરવિંદભાઈ ટાભજીભાઈ સોલંકી (ઉ.વ. ૩૩)એ દુદાભાઈ મેઘજીભાઈ સોલંકી તથા અશોકભાઈ વશરામભાઈ ખેની સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, તેઓ પોતાની વાડીની વાડમાં છીંડા બૂરવાનું કામ કરતા હતા, ત્યારે આરોપીઓ દુદાભાઈ સોલંકીની વાડીએ ટ્રેક્ટર લઈને ખેતીકામ કરતા હતા.દુદાભાઈએ તેમને કહ્યું કે,આ રસ્તે તારે ચાલવાનો કોઈ હક નથી, તું ફરીને ચાલજે. જેથી અરવિંદભાઈએ કહ્યું કે, બંને બાજુ રસ્તો વાળી દીધો છે તો મારે ચાલવા ક્યાં જવું? આ સાંભળીને આરોપીઓ ઉશ્કેરાઈ ગયા હતા અને ગાળો આપીને માટીના ઢેફાનો ઘા કપાળમાં મારી મૂઢ ઈજા પહોંચાડી હતી. અશોકભાઈ ખેનીએ તું અહીંયા આવ, તારી ઉપર ટ્રેક્ટર ચડાવી દેવું છે તેમ કહ્યું હતું. જે બાદ બંનેએ ગામમાં ક્યાંય પણ મળીશ તો મારી નાખીશું તેવી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: બીજ
તા.૩૧-૦૭-૨૦૨૬, શુક્રવાર, સૂર્યોદય-૦૫:૪૧,
સૂર્યાસ્ત-૦૭:૧૩, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: ધનિષ્ઠા

## દૈનિક રાશિફળ

તા.૩૧-૦૭-૨૦૨૬ શુક્રવાર

મેષ: આજનો દિવસ તમારા માટે શુભ છે અને આજે તમારું મન નવી યોજનાઓ કરવા માટે તૈયાર રહેશે. કોઈ મંદિર મુલાકાત લેવાનું વિચારી શકો છો.

વૃષભ: આજે તમને નોકરી અને ધંધાકીય બાબતમાં પણ સફળતા મળી શકે છે. આજે સાંજના પાંચ વાગ્યા સુધીમાં ખાસ ડીલ ફાઇનલ થઈ શકે છે.

મિથુન: આજનો દિવસ ખૂબ વ્યસ્ત રહેવાનો છે. ધર્મ પ્રત્યે તમારી રુચિ ખૂબ વધી જશે. આ વ્યસ્તતામાં ભણવામાં થોડો સમય કાઢવો સારો રહેશે.

કર્ક: આજનો દિવસ તમારા સ્વાસ્થ્ય માટે સજાગ રહેવાનો છે. હવામાનના બદલાવથી સમશીતોષ્ણુ વિકાર ઊભા થઈ શકે છે. ખોરાકમાં બેદરકારી ના રાખવી.

સિંહ: આજનો દિવસ તમને શુભ ફળ આપવાનો છે અને તમને આજે ફાયદાકારક પરિણામો મળશે. ધંધામાં જોખમ લેવાનું આજે ફાયદાકારક રહેશે.

કન્યા: આજનો દિવસ તમારા માટે દરેક બાબતમાં સાવધ રહેવાનો છે. સંયમ અને સાવધાની રાખવી. આજુબાજુના લોકો સાથે કોઈ મુકાબલો ના થાય તો સારું.

તુલા: આજનો દિવસ ખૂબ સર્જનાત્મક છે. તમને આજે સૌથી વધુ ગમતું કામ કરવા મળશે અને તમે તેમાં સારું પ્રદર્શન કરી શકશો.

વૃશ્ચિક: આજનો દિવસ લાભકારી સાબિત થઈ શકે છે. કાર્ય વર્તનથી સંબંધિત તમામ વિવાદો આજે ઉકેલી શકાય છે. નવા પ્રોજેક્ટ પર પણ કેટલાક કામ શરૂ થઈ શકે છે.

ધન: આજે દરેક બાબતે ખાસ કાળજીથી સંભાળવાની જરૂર છે. ધંધાના કિસ્સામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની આશા છે.

મકર: આજનો દિવસ સામાન્ય છે. પરિવાર સાથે ઘરે રહો અને સુરક્ષિત રહો. ખૂબ જ મહત્વપૂર્ણ કામ હોય તો જ બહાર જાઓ. ભાગીદારીમાં વેપાર કરવાથી ઘણો ફાયદો થશે.

કુંભ: આજનો દિવસ ઉત્તમ બની શકે છે. આજીવિકાની દ્રષ્ટિએ આજે તમને સફળતા મળશે. દિવસ દરમિયાન લાભની તકો મળશે.

મીન: આજનો દિવસ ખૂબ જ શુભ દિવસ છે અને તમને સારા પરિણામ મળશે. આજનો દિવસ બીજાને મદદ કરવાનો રહેશે. તમને નજીકના ભવિષ્યમાં પરિણામ પણ મળશે.

# અમરેલીના શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં ગુરુપૂર્ણિમા ઉત્સવની વક્તૃત્વ સ્પર્ધા દ્વારા ઉજવણી કરાઈ

અમરેલી,તા.૩૦



અમરેલીના શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં વિદ્યાર્થીઓએ ગુરૂપૂર્ણિમા ઉત્સવની વિવિધ કાર્યક્રમોના માધ્યમથી ઉજવ્યો હતો. આ ઉત્સવ નિમિતે ગુરૂવંદનાની ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા અને વક્તૃત્વ સ્પર્ધા દ્વારા વિદ્યાર્થીઓએ પોતાનો ભાવ વ્યક્ત કર્યો હતો. આ ઉત્સવ વેદ વ્યાસના જન્મ દિવસ નિમિત્તે ગુરૂપૂર્ણિમા તરીકે ઉજવાય છે. તેમણે ધર્મ, સંસ્કૃતિ, અધ્યાત્મ અને સામાજિક જીવન માટે ઉત્તમ માર્ગદર્શક ગ્રંથો લખીને માનવ જાતને જીવન જીવવાનું માર્ગદર્શન આપ્યું હતું. તેમણે મહાભારત, હરિવંશ, બ્રહ્મસૂત્ર તથા પુરાણોની રચના કરીને માનવ સમાજને માર્ગદર્શન પૂરું પાડ્યું છે. સંસ્થાના વ્યવસ્થાપક દીપકભાઈ અને વિલાસબેન વઘાસિયા, સ્ટાફગણ અને વિદ્યાર્થીઓ દ્વારા દીપ પ્રાગટ્ય કરી વેદવ્યાસને નમસ્કાર કર્યા હતા.

દીપકભાઈ વઘાસિયાએ વિદ્યાર્થીઓને જીવનમાં ગુરુનું મહત્વ સમજી તેમનો આદર કરી અને જ્ઞાન અનુભવને પોતાના જીવનમાં ઉતારી પ્રગતિના પંથે આગળ વધવાની શીખ આપી હતી.

# બાબરાના રાણપર ગામની સીમમાં વાડીએથી લસણની બોરીઓ ચોરાઈ

**જસદણના જીવાપરા ગામે રહેતા ખેડૂતે ફરિયાદ નોંધાવી**

બાબરા, તા.૩૦

બાબરાના રાણપર ગામની સીમમાં આવેલી વાડીએથી લસણની બોરીઓ ચોરાઈ હતી. આ અંગે જસદણના જીવાપરા ગામે રહેતા ખેડૂતે ફરિયાદ નોંધાવી હતી. લાલજીભાઈ શામજીભાઈ ભાલાળા (ઉ.વ.૬૦)એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમની માલિકીની વાડી રાણપર ગામની સીમમાં આવેલી છે. જેમાં અજાણ્યા ચોર ઈસમોએ ગેરકાયદે પ્રવેશ કરી વાડીના ગોડાઉનના દરવાજાનું તાળું તોડી અંદર રાખેલી લસણની ૧૧ બોરીઓ (આશરે ૨૭ મણ, કિંમત રૂ. ૪૫,૯૦૦)ની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. બાબરા પોલીસ સ્ટેશનના પી. એસ.આઈ. એ.એન. ગાંગણા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીના વાંકીયામાં વિઝન ફોર વાઈલ્ડ લાઈફ દ્વારા સેવાકીય કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૨૯



આયુષ્માન આરોગ્ય કેન્દ્ર, વાંકીયા ખાતે વિઝન ફોર વાઈલ્ડ લાઈફ પ્રોગ્રામ દ્વારા પરપ્રાંતિય શ્રમિક પરિવારની સગર્ભા બહેનો તેમજ ધાત્રી માતાઓને ખજૂર, ગોળ અને સિંગ-દાળિયાની પૌષ્ટિક આહાર કિટ તથા નવજાત શિશુઓ માટે ઘોડિયાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સાથે જ વાડી વિસ્તારમાં રહેઠાણ દરમિયાન વન્યજીવો સાથે સહજીવિતા જળવાઈ રહે તે અંગે માર્ગદર્શન પણ અપાયું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત મુખ્ય મહેમાન દિલીપભાઈ પરીખે સંસ્થાની સેવાકીય પ્રવૃતિઓને બિરદાવી શ્રમિક બહેનોને પોતાના આરોગ્યની યોગ્ય સંભાળ લેવા ભલામણ કરી હતી. તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. સતાણીએ હાજરી આપી કાર્યક્રમને પ્રોત્સાહિત કર્યો હતો. આ સમગ્ર આયોજન વિઝન ફોર વાઈલ્ડ લાઈફ પ્રોગ્રામ દ્વારા આયુષ્માન આરોગ્ય કેન્દ્ર વાંકીયાના સ્ટાફના સહયોગથી સફળતાપૂર્વક સંપન્ન થયું હતું.

# રાજુલાની મહિલા કોલેજમાં ગુરુપૂર્ણિમાની ઉજવણી કરાઈ

રાજુલા, તા.૨૯



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા એજ્યુકેશનલ ટ્રસ્ટ સંચાલિત એચ.બી. સંઘવી મહિલા આર્ટ્સ તથા કોમર્સ કોલેજ ખાતે ગુરુપૂર્ણિમાની અનોખી ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત વૃક્ષારોપણથી કરવામાં આવી હતી અને વાવેલા વૃક્ષોને ઋષિ-મુનિઓના નામ આપવામાં આવ્યા હતા. દીપ પ્રાગટ્ય બાદ ગુરુજનોનું કુમકુમ, અક્ષત અને પુષ્પથી પૂજન કરવામાં આવ્યું હતું. પ્રિન્સિપાલ ડો. રીટાબેન રાવળે ગુરુના જીવનમાં મહત્વ અંગે પ્રાસંગિક ઉદબોધન આપ્યું હતું. કેમ્પસ મેનેજર રવિભાઈ વ્યાસ, સેક્રેટરી બાલકૃષ્ણભાઈ ત્રિવેદી અને કેમ્પસ ડાયરેક્ટર ડો. જીગ્નેશભાઈ વાજાની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો હતો. અધ્યાપકોના સહયોગથી સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.

**તંત્રી લેખ**

# સંસદીય સુધારાનો સ્વર્ણિમ દિવસ

તા. ૩૦ જુલાઈ, ૨૦૨૬ના રોજ ભારતીય સંસદના ચોમાસુ સત્રનો નવમો દિવસ દેશના કાયદાકીય ઈતિહાસમાં મહત્વપૂર્ણ સાબિત થયો. લોકસભા અને રાજ્યસભા બંને ગૃહોમાં અનેક મહત્ત્વના અને જનહિતકારી વિધેયકો પર વિસ્તૃત ચર્ચા બાદ તેમને મંજૂરી આપવામાં આવી. આ વિધેયકોમાં સર્વોચ્ચ અદાલતમાં ન્યાયાધીશોની સંખ્યા વધારવાનો સુધારો, જાહેર પરીક્ષાઓમાં પેપર લીક અને અન્ય અનુચિત સાધનોને રોકવા માટેનો કડક કાયદો તથા સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (MSME)ને વધુ સશક્ત બનાવવા માટેના સુધારાઓનો સમાવેશ થાય છે. સર્વોચ્ચ અદાલતમાં ન્યાયાધીશોની સંખ્યા વધારવાનો નિર્ણય ન્યાયિક વિલંબ ઘટાડવા માટેનું મહત્વપૂર્ણ પગલું માનવામાં આવે છે. દેશમાં લાખો કેસો વર્ષોથી લંબાઈ રહ્યા છે, જેના કારણે સામાન્ય નાગરિકોને સમયસર ન્યાય મળતો નથી. ન્યાયાધીશોની સંખ્યામાં વધારો થવાથી કેસોના ઝડપી નિકાલમાં મદદ મળશે. જોકે, સાથે જ ન્યાયાધીશોની નિમણૂક પ્રક્રિયા પારદર્શક, નિષ્પક્ષ અને ન્યાયિક સ્વતંત્રતાને અનુરૂપ રહે તે સુનિશ્ચિત કરવું પણ એટલું જ જરૂરી છે. જાહેર પરીક્ષાઓમાં પેપર લીક અને ગેરરીતિઓને રોકવા માટેનો સુધારા વિધેયક પણ સંસદમાં ચર્ચાનું મુખ્ય કેન્દ્ર રહ્યો. છેલ્લા કેટલાક વર્ષોમાં વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પેપર લીકની ઘટનાઓએ લાખો વિદ્યાર્થીઓના ભવિષ્યને અસર પહોંચાડી છે. નવા કાયદા હેઠળ પેપર લીક કરનારાઓ માટે કડક સજા, ભારે દંડ, વિશેષ તપાસ દળની રચના અને ઝડપી ન્યાય માટે ફાસ્ટ ટ્રેક કોર્ટની જોગવાઈ કરવામાં આવી છે. શિક્ષણ વ્યવસ્થાની વિશ્વસનીયતા જાળવવા માટે આ કાયદો ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. આ વિધેયક પર લાંબી ચર્ચા દરમિયાન સરકાર અને વિપક્ષ વચ્ચે ઉગ્ર વાદ-વિવાદ પણ થયો. વિપક્ષે કેટલાક મુદ્દાઓ પર સરકારની ટીકા કરી, જ્યારે સરકારે નવા કાયદાની આવશ્યકતા અને તેની અસરકારકતા અંગે પોતાનો પક્ષ રજૂ કર્યો. લોકશાહીમાં આવા મતભેદો સ્વાભાવિક છે, પરંતુ વિદ્યાર્થીઓના ભવિષ્ય જેવા રાષ્ટ્રીય હિતના મુદ્દે તમામ પક્ષોએ જવાબદારીપૂર્વક સહકાર આપવો જરૂરી છે. રાજ્યસભામાં MSME ક્ષેત્રને વધુ મજબૂત બનાવવા માટેના સુધારા વિધેયક પર પણ ચર્ચા કરવામાં આવી. MSME ક્ષેત્ર ભારતીય અર્થતંત્રની કરોડરજ્જુ ગણાય છે અને રોજગારી સર્જવામાં તેની મહત્વપૂર્ણ ભૂમિકા છે. આ સુધારાઓ દ્વારા નાના અને મધ્યમ ઉદ્યોગોને વધુ પ્રોત્સાહન મળશે તેમજ આત્મનિર્ભર ભારતના લક્ષ્યને નવી ગતિ મળશે. સત્ર દરમિયાન વિપક્ષે અન્ય કેટલાક મુદ્દાઓ પણ ઉઠાવ્યા, જેમાં અયોધ્યા રામ મંદિર ટ્રસ્ટમાં દાનના સંભવિત ગેરવહીવટ અંગે સ્વતંત્ર તપાસની માંગ અને નવા દળબદલી વિરોધી કાયદા અંગે ચર્ચાની માંગનો સમાવેશ થાય છે. આવા મુદ્દાઓ પર ચર્ચા લોકશાહીની પારદર્શિતા અને જવાબદારીને મજબૂત બનાવે છે. એકંદરે, સંસદના આ દિવસને ઐતિહાસિક કહી શકાય. સરકાર પોતાના મહત્વપૂર્ણ વિધેયકો પસાર કરવામાં સફળ રહી, જ્યારે વિપક્ષે પણ અસરકારક રીતે પોતાના મુદ્દાઓ રજૂ કર્યા. જોકે, કોઈપણ કાયદાની સફળતા તેના અમલ પર નિર્ભર હોય છે. જો આ નવા કાયદાઓનો અસરકારક અમલ થશે, તો વિદ્યાર્થીઓને ન્યાય મળશે, ન્યાયિક પ્રક્રિયા વધુ ઝડપી બનશે અને MSME ક્ષેત્રને નવી શક્તિ મળશે. આ સત્રે ફરી એકવાર સાબિત કર્યું છે કે ભારતીય લોકશાહી ચર્ચા, સહમતિ અને જનહિતના સિધ્ધાંતો પર મજબૂતીથી આગળ વધી રહી છે.

# સોશિયલ મીડિયાના અતિરેકથી જન્મેલી માનસિક અશાંતિ સૌથી મોટી સમસ્યા

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

વર્તમાન યુગ ડિજિટલ ક્રાંતિનો યુગ છે. આપણા હાથમાં રહેલો નાનો મોબાઈલ ફોન સમગ્ર વિશ્વને આપણી મુઠ્ઠીમાં સમાવી દે છે. સવારની ચા સાથે સમાચાર વાંચવાથી લઈને રાત્રે સૂતા પહેલાં છેલ્લો સંદેશ જોવા સુધી આપણું જીવન સ્ક્રીન સાથે અતૂટ રીતે જોડાયેલું છે. ટેકનોલોજીએ આપણા જીવનને સરળ, ઝડપી અને સુવિધાસભર બનાવ્યું છે, તેમાં કોઈ શંકા નથી. પરંતુ આ સુવિધાઓ સાથે એક એવી અદૃશ્ય સમસ્યા પણ ધીમે ધીમે વિકસી રહી છે, જેને આપણે ઘણી વખત ગંભીરતાથી લેતા નથી. આ સમસ્યા છે સોશિયલ મીડિયાના અતિરેકથી વધતું માનસિક તણાવ, એકલતા અને આત્મવિશ્વાસમાં ઘટાડો. આજે વ્યક્તિ હજારો લોકો સાથે ઓનલાઈન જોડાયેલી છે, છતાં ભાવનાત્મક રીતે એકલતા અનુભવે છે. આ લેખમાં આ સમસ્યાના કારણો, તેની અસરો અને તેના વ્યવહારુ ઉકેલો વિશે ચર્ચા કરવામાં આવી છે. આપણે ઘણીવાર એવું માનીએ છીએ કે સોશિયલ મીડિયા માત્ર મનોરંજનનું સાધન છે. પરંતુ વાસ્તવમાં તે એક એવી વ્યવસ્થા છે, જે વપરાશકર્તાનું ધ્યાન વધુમાં વધુ સમય સુધી પોતાની તરફ ખેંચી રાખવા માટે રચવામાં આવી છે. દરેક લાઈક, કોમેન્ટ અને નોટિફિકેશન આપણા મગજમાં ડોપામાઈન નામનું રસાયણ ઉત્પન્ન કરે છે, જે ક્ષણિક આનંદની અનુભૂતિ કરાવે છે. ધીમે ધીમે આ આનંદ વ્યસનમાં પરિવર્તિત થઈ જાય છે. સવારે ઊઠતાની સાથે જ ફોન જોવો, જમતી વખતે રીલ્સ જોવી, અભ્યાસ કે કામ દરમિયાન વારંવાર ફોન તપાસવો અથવા કોઈ સાથે વાત કરતાં પણ મોબાઈલમાં વ્યસ્ત રહેવું આ બધાં સોશિયલ મીડિયાના વ્યસનના સ્પષ્ટ લક્ષણો છે.


આ વ્યસનની સૌથી ગંભીર અસર સતત તુલના કરવાની માનસિકતા છે. સોશિયલ મીડિયા પર મોટાભાગના લોકો પોતાના જીવનની માત્ર શ્રેષ્ઠ અને આનંદમય ક્ષણો જ રજૂ કરે છે. કોઈની વિદેશ યાત્રા, કોઈની નવી કાર, કોઈની સફળતા કે વૈભવી જીવનશૈલી જોઈને સામાન્ય વ્યક્તિના મનમાં એવો વિચાર આવે છે કે બધા જ લોકો સુખી છે અને માત્ર પોતે જ પાછળ રહી ગયો છે. આવી સતત સરખામણી વ્યક્તિમાં લઘુતાગ્રંથિ, ઈર્ષા અને અસંતોષ જેવી લાગણીઓ જન્માવે છે. ખાસ કરીને યુવા પેઢી પર તેની અસર વધુ ગંભીર બની રહી છે. વિદ્યાર્થીઓનું અભ્યાસમાં ધ્યાન ઓછું થાય છે, તેમની ઊંઘની ગુણવત્તા બગડે છે અને ચીડિયાપણું તથા ચિંતા વધવા લાગે છે. આ સમસ્યા માત્ર વ્યક્તિગત સ્તરે મર્યાદિત રહી નથી, પરંતુ તે પારિવારિક અને સામાજિક સંબંધોને પણ અસર કરી રહી છે. અગાઉ સાંજના સમયે પરિવારના સભ્યો સાથે બેસીને દિવસભરની વાતો કરતા હતા, પરંતુ આજે એક જ ઘરમાં બેઠેલા ચાર સભ્યો પણ પોતપોતાના મોબાઈલમાં વ્યસ્ત જોવા મળે છે. પરિણામે પરિવારના સભ્યો વચ્ચેનો સંવાદ ઘટ્યો છે અને લાગણીસભર સંબંધો નબળા પડ્યા છે. બાળકોને માતા-પિતાનો પૂરતો સમય મળતો નથી અને માતા-પિતા પણ બાળકોની લાગણીઓ અને સમસ્યાઓને યોગ્ય રીતે સમજી શકતા નથી. આ સંવાદના અભાવને કારણે ગેરસમજ અને પારિવારિક મતભેદોમાં વધારો થયો છે. સામાજિક જીવનમાં પણ સોશિયલ મીડિયાની અસર સ્પષ્ટપણે જોવા મળે છે. આજે લોકો વાસ્તવિક



સંબંધો કરતાં વર્ચ્યુઅલ દુનિયાના ફોલોઅર્સ અને લાઈક્સને વધુ મહત્વ આપવા લાગ્યા છે. કોઈ કાર્યક્રમમાં હાજરી આપીએ ત્યારે તેનો આનંદ માણવા કરતાં સારો ફોટો પાડીને સોશિયલ મીડિયા પર પોસ્ટ કરવાની ઉતાવળ વધુ જોવા મળે છે. પરિણામે આપણે ક્ષણને જીવવાને બદલે તેને માત્ર દેખાડવામાં વધુ રસ લેતા થઈ ગયા છીએ. આ વલણ ધીમે ધીમે સંવેદનશીલતા ઘટાડે છે અને સામેની વ્યક્તિની લાગણીઓને સમજવાની ક્ષમતા પર પણ નકારાત્મક અસર કરે છે.

તબીબી દૃષ્ટિએ જોઈએ તો સોશિયલ મીડિયાનો અતિરેક અનેક માનસિક અને શારીરિક સમસ્યાઓનું કારણ બની શકે છે. લાંબા સમય સુધી સ્ક્રીન સામે રહેવાથી આંખો પર તાણ આવે છે, માથાનો દુખાવો થાય છે અને શરીરમાં થાક અનુભવાય છે. રાત્રે મોડે સુધી મોબાઈલનો ઉપયોગ કરવાથી ઊંઘ માટે જરૂરી મેલાટોનિન હોર્મોનનું ઉત્પાદન ઘટે છે, જેના કારણે અનિદ્રા જેવી સમસ્યાઓ ઊભી થાય છે. પૂરતી ઊંઘ ન મળવાને કારણે દિવસ દરમિયાન કાર્યક્ષમતા ઘટે છે, ધ્યાન કેન્દ્રિત કરવામાં મુશ્કેલી પડે છે અને ચિંતા તથા હતાશા જેવી માનસિક સમસ્યાઓ વધે છે. ઘણા યુવાનોમાં ફિયર ઑફ મિસિંગ આઉટ (FOMO) એટલે કે "કંઈક મહત્વનું ચૂકી જવાનો ડર" પણ જોવા મળે છે, જેના કારણે તેઓ સતત ઓનલાઈન રહેવા માટે મજબૂર બને છે. આ સમસ્યાનો અર્થ એવો નથી કે આપણે ટેકનોલોજીનો સંપૂર્ણ ત્યાગ કરી દેવો જોઈએ. ટેકનોલોજી એક શક્તિશાળી સાધન છે, પરંતુ તેનો ઉપયોગ સમજદારીપૂર્વક કરવો જરૂરી છે. આ માટે સૌપ્રથમ જાગૃતિ જરૂરી છે. આપણે સ્વીકારવું પડશે કે આપણે જરૂર કરતાં વધુ સમય મોબાઈલ અને સોશિયલ મીડિયા પર વિતાવી રહ્યા છીએ. આ માટે ડિજિટલ ડિટોક્સ અપનાવવો અસરકારક ઉપાય બની શકે છે. ડિજિટલ ડિટોક્સનો અર્થ એ છે કે દિવસના અમુક સમય માટે મોબાઈલ અને સોશિયલ મીડિયાથી સંપૂર્ણપણે દૂર રહેવું. ઉદાહરણ તરીકે, સવારે ઊઠ્યા પછીનો પહેલો એક કલાક અને રાત્રે સૂતા પહેલાંનો છેલ્લો એક કલાક મોબાઈલ વગર પસાર કરવાનો નિયમ બનાવવો જોઈએ. આ સમય દરમિયાન ધ્યાન, યોગ, વ્યાયામ, પુસ્તક વાંચન અથવા પરિવાર સાથે સમય વિતાવવો વધુ લાભદાયક સાબિત થાય છે. તે ઉપરાંત સોશિયલ મીડિયાના ઉપયોગ માટે સમયમર્યાદા નક્કી કરવી પણ જરૂરી છે. આજકાલ લગભગ દરેક સ્માર્ટફોનમાં સ્ક્રીન ટાઈમ માપવાની સુવિધા ઉપલબ્ધ છે. આપણે દરરોજ કઈ એપ પર કેટલો સમય વિતાવીએ છીએ તે જાણીને ધીમે ધીમે તેમાં ઘટાડો કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. બિનજરૂરી નોટિફિકેશન બંધ કરવાથી પણ મોબાઈલ તરફ વારંવાર ધ્યાન જતું અટકે છે અને સમયનો વધુ સદુપયોગ થઈ શકે છે. આપણી જીવનશૈલીમાં કેટલાક નાના પરંતુ અસરકારક ફેરફારો પણ જરૂરી છે. બાગકામ, સંગીત, ચિત્રકામ, રમતગમત, પુસ્તક વાંચન અથવા મિત્રો સાથે રૂબરૂ મુલાકાત જેવી પ્રવૃત્તિઓને ફરીથી જીવનનો ભાગ બનાવવી જોઈએ. જ્યારે આપણે વાસ્તવિક જીવનમાં આનંદ શોધવાનું શરૂ કરીએ છીએ, ત્યારે વર્ચ્યુઅલ દુનિયાનું આકર્ષણ આપમેળે ઓછું થઈ જાય છે. પરિવારમાં પણ એવો નિયમ બનાવી શકાય કે જમતી વખતે અથવા સાથે બેસતી વખતે કોઈપણ વ્યક્તિ મોબાઈલનો ઉપયોગ નહીં કરે. આ નાનો નિયમ પણ સંબંધોમાં ઉષ્મા અને મીઠાશ વધારવામાં મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે. સૌથી મહત્વની બાબત એ છે કે આપણે બીજા લોકો સાથે પોતાની તુલના કરવાનું બંધ કરવું જોઈએ. સોશિયલ મીડિયા પર દેખાતું જીવન સંપૂર્ણ સત્ય નથી, પરંતુ જીવનની માત્ર પસંદ કરેલી અને સુંદર ક્ષણોનું પ્રદર્શન છે. દરેક વ્યક્તિ પોતાના જીવનમાં સંઘર્ષ કરે છે, જે સોશિયલ મીડિયા પર ભાગ્યે જ દેખાય છે. તેથી બીજાની સફળતા સાથે પોતાની સરખામણી કરવા કરતાં ગઈકાલ કરતાં આજે વધુ સારા બનવાનો પ્રયત્ન કરવો જોઈએ. જો કોઈ વ્યક્તિ આ સમસ્યામાંથી એકલા બહાર આવી શકતો ન હોય, તો તેણે મિત્રો, પરિવાર અથવા માનસિક સ્વાસ્થ્યના નિષ્ણાતની મદદ લેવામાં સંકોચ રાખવો જોઈએ નહીં. યોગ્ય સમયે મદદ માંગવી નબળાઈ નહીં, પરંતુ પરિપક્વતા અને હિંમતનું પ્રતીક છે. અંતમાં એટલું જ કહી શકાય કે ટેકનોલોજી આપણા જીવન પર શાસન કરવા માટે નથી, પરંતુ જીવનને વધુ સરળ અને સમૃધ્ધ બનાવવા માટે છે. મોબાઈલ આપણા હાથમાં રહેવો જોઈએ, આપણા મન પર નહીં. જો આપણે આજે જ સ્ક્રીન ટાઈમ ઘટાડવા માટે જાગૃત પ્રયાસ નહીં કરીએ, તો આવનારી પેઢી શારીરિક રીતે ભલે સાથે રહે, પરંતુ માનસિક રીતે એકબીજાથી દૂર થઈ જશે. તેથી જરૂરી છે કે આપણે સ્ક્રીનની ચમકતી દુનિયામાંથી થોડો સમય બહાર આવીને પરિવાર, મિત્રો અને સમાજ સાથે સાચા અર્થમાં જોડાઈએ. કારણ કે સાચું સુખ લાઈક્સ, કોમેન્ટ્સ કે ફોલોઅર્સમાં નથી, પરંતુ પ્રેમ, સંવાદ અને સાથે વિતાવેલી અમૂલ્ય ક્ષણોમાં સમાયેલું છે. જો આપણે સ્ક્રીન ટાઈમમાં યોગ્ય ઘટાડો કરી શકીએ, તો આજની ઘણી માનસિક, પારિવારિક અને સામાજિક સમસ્યાઓને અસરકારક રીતે ઘટાડી શકાય છે.

## શબ્દ સંજોગ-૨૨૪૦



**આડી ચાવી :**

(૧) ડગુમગુ,અનિરિચત (૪)
(૪) પ્રસંગને લગતું (૪)
(૭) ઊડતી વાત,અફવા (૨)
(૮) એક પક્ષી (૩)
(૯) લડાઈની ગાડી (૨)
(૧૦) એક રાશિ (૨)
(૧૧) કસમ,સોગંદ (૩)
(૧૪) અન્ય,પારકું (૨)
(૧૫) રોક,ભપકો,ઠાઠ (૩)
(૧૭) છોકરીઓનું એક વસ્ત્ર (૩)
(૧૯) વિષ્ણુ,પ્રભુ (૩)
(૨૦) એક વાહન (૨)
(૨૧) કહેલી વાતને રદ કરે તેવો સામો જવાબ (૩)
(૨૪) ...... બંદર કા વેપારી (૨)
(૨૬) ગણપતિ આગળ મૂકવાનું માટીનું વાસણ (૪)
(૨૭) કોઈનું દુઃખ જોઈ,દિલમાં થતી લાગણી (૪)

**ઉભી ચાવી :**

(૧) ઢગલો,ગંજ (૨)
(૨) કંઈપણ અવાજ કર્યા વિના (૪)
(૩) ફેંસલો (૩)
(૪) શરૂ કરેલું,નસીબ (૩)
(૫) શ્રી કૃષ્ણનું એક નામ (૪)
(૬) કહેવું તે (૩)
(૧૧) ધીરધારનો ધંધો કરનાર (૩)
(૧૨) બીક,ધ્રુજારી (૩)
(૧૩) વિવાહના સમયમાં કચરો-પૂજો નાખવાની જગા (૪)
(૧૪) વ્યાસના પિતા અને પરાશર સ્મૃતિના પ્રવર્તક (૪)
(૧૬) કાસદ,દૂત (૩)
(૧૮) ખરાબ (૨)
(૨૦) બાકું,ખાડો,ખોટ (૩)
(૨૨) ધીરજ,આશ્વાસન (૩)
(૨૩) પાંગળું (૨)
(૨૪) અંગ્રેજી રાજયમાં અપાતો એક ઈલકાબ (૨)
(૨૫) પ્રારંભનું,મુખ્ય (૨)

## શબ્દ સંજોગ-૨૨૩૯ જવાબ

**આડી ચાવી:** (૧) પ્રણિપાત (૩) કીડી (૫) વેર (૬) રવ (૭) પદ (૯) નેણ (૧૦) ખમણ (૧૧) શેર (૧૩) છેક (૧૫) દરાજ (૧૬) રસમય (૧૮) તમણ (૨૨) હાર (૨૩) યક્ષગાન (૨૫) કલદાર (૨૭) સટિ. **ઉભી ચાવી:** (૧) પ્રતીપ (૨) પાન (૩) કીર (૪) શ્રવણ (૫) વેણછેરણર (વેરણછેરણ) (૬) રમણીય (૮) દશેરા (૧૨) રજત (૧૪) કસ (૧૫) દયા (૧૭) મખમલ (૧૯) મહાન (૨૦) નિનાર (૨૧) દ્રાક્ષ (૨૩) યક્ષ (૨૪) ગાઢ (૨૫) કટિ (૨૬) દાદી.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

**રાજકોટ**

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૬૫૦ | ૧૯૨૧ |
| ઘઉં લોકવન | ૪૯૦ | ૫૬૦ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૯૦ |
| જુવાર સફેદ | ૧૦૫૦ | ૧૩૧૩ |
| જુવાર લાલ | ૧૨૪૦ | ૧૩૫૦ |
| જુવાર પીળી | ૪૫૦ | ૫૦૫ |
| બાજરી | ૩૬૬ | ૫૫૯ |
| તુવેર | ૧૦૦૦ | ૧૫૪૭ |
| ચણા પીળા | ૧૦૬૦ | ૧૨૩૪ |
| ચણા સફેદ | ૧૦૮૦ | ૧૯૦૦ |
| અડદ | ૧૬૭૫ | ૧૯૧૮ |
| મગ | ૧૧૫૦ | ૧૬૭૦ |
| વાલ દેશી | ૬૫૦ | ૧૧૭૪ |
| ચોળી | ૧૩૧૦ | ૧૬૪૦ |
| વટાણા | ૬૨૦ | ૯૨૧ |
| કળથી | ૪૩૦ | ૫૪૦ |
| રાજમા | ૧૭૧૨ | ૨૨૮૮ |
| સીંગદાણા | ૧૭૮૦ | ૨૨૭૫ |
| મગફળી જાડી | ૧૨૪૦ | ૧૬૫૦ |
| મગફળી જીણી | ૧૨૧૨ | ૧૫૭૦ |
| તલી | ૧૭૨૦ | ૨૫૧૦ |
| એરંડા | ૧૨૯૦ | ૧૪૧૦ |
| અજમો | ૧૨૫૩ | ૨૬૫૦ |
| સુવા | ૧૧૫૦ | ૧૪૪૪ |
| સોયાબીન | ૧૨૦૦ | ૧૩૩૬ |
| સીંગફાડા | ૧૫૬૦ | ૧૮૩૦ |
| કાળા તલ | ૨૭૨૫ | ૩૮૦૦ |
| લસણ | ૧૧૭૦ | ૨૨૨૫ |
| ધાણા | ૨૩૮૦ | ૨૯૦૦ |
| ધાણી | ૨૪૫૦ | ૩૦૦૬ |
| વરીયાળી | ૧૬૦૦ | ૨૪૦૦ |
| જીરૂ | ૩૩૭૫ | ૪૦૧૪ |
| રાય | ૧૩૫૦ | ૧૯૧૦ |
| મેથી | ૯૨૦ | ૧૮૮૦ |
| ઇસબગુલ | ૧૧૦૦ | ૧૮૮૦ |
| અશેરીયો | ૧૦૦૧ | ૧૦૦૧ |
| કલોંજી | ૩૦૫૦ | ૩૬૭૫ |
| રાયડો | ૧૨૧૦ | ૧૫૦૫ |
| રજકાનું બી | ૮૦૦૦ | ૧૧૦૦૦ |

**રાજકોટ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| લીંબુ | ૪૨૧ | ૮૩૫ |
| પપૈયા | ૨૧૧ | ૪૨૧ |
| બટેટા | ૯૨ | ૩૨૧ |
| ડુંગળી સુકી | ૧૫૦ | ૪૬૫ |
| ટમેટા | ૩૭૫ | ૫૬૯ |
| સુરણ | ૭૯૧ | ૧૦૨૧ |
| કોથમરી | ૧૧૧૩ | ૧૭૨૪ |
| રીંગણા | ૭૬ | ૧૪૪ |
| કોબીજ | ૨૨૧ | ૪૧૯ |
| ફ્લાવર | ૩૧૬ | ૬૨૭ |
| ભીંડો | ૪૪૬ | ૯૨૪ |
| ગુવાર | ૪૬૧ | ૧૫૭૨ |
| ચોળાસીંગ | ૫૫૨ | ૧૬૨૧ |
| ટીંડોળા | ૩૧૪ | ૭૨૭ |
| દુધી | ૨૧૭ | ૫૨૨ |
| કારેલા | ૨૦૫ | ૪૧૮ |
| સરગવો | ૫૮૬ | ૧૧૯૫ |
| તુરીયા | ૩૭૧ | ૭૯૧ |
| પરવર | ૬૮૯ | ૧૦૧૨ |
| કાકડી | ૩૧૧ | ૯૭૭ |
| ગાજર | ૩૨૭ | ૪૮૬ |
| વટાણા | ૨૦૨૧ | ૨૪૪૧ |
| ગલકા | ૩૧૨ | ૫૪૧ |
| બીટ | ૩૦૧ | ૫૧૪ |
| મેથી | ૧૨૨૬ | ૧૪૪૩ |
| ડુંગળી લીલી | ૯૭૧ | ૧૧૮૪ |
| આદુ | ૧૬૧૧ | ૨૬૨૪ |
| મરચા લીલા | ૬૨૧ | ૯૩૨ |
| મકાઇ લીલી | ૨૧૧ | ૪૨૩ |

**ગોંડલ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૩૧ | ૧૮૦૧ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૬૨ |
| ઘઉં ટુકડા | ૫૦૪ | ૬૫૮ |
| મગફળી જીણી | ૧૨૦૦ | ૧૪૯૧ |
| સિંગદાણા જાડા | ૧૫૦૧ | ૨૦૩૧ |
| સિંગ ફાડીયા | ૧૨૦૧ | ૧૭૦૧ |
| એરંડા / એરંડી | ૧૧૫૧ | ૧૪૦૧ |
| જીરૂ | ૨૫૫૧ | ૪૧૩૧ |
| ક્લંજી | ૨૦૦૧ | ૩૫૫૧ |
| વરીયાળી | ૧૩૦૧ | ૧૩૦૧ |
| ધાણા | ૨૩૦૧ | ૩૦૬૧ |
| લસણ સુકું | ૯૭૧ | ૨૦૬૧ |
| ડુંગળી લાલ | ૧૪૧ | ૫૩૬ |
| અડદ | ૬૦૧ | ૧૯૬૧ |
| તુવેર | ૧૦૦૦ | ૧૫૮૧ |
| રાય | ૧૪૨૧ | ૧૭૬૧ |
| મેથી | ૫૭૬ | ૧૩૫૧ |
| સુવાદાણા | ૧૫૭૬ | ૧૫૭૬ |
| મગફળી જાડી | ૧૧૫૦ | ૧૭૪૧ |
| સફેદ ચણા | ૧૧૮૧ | ૧૯૦૧ |
| તલ - તલી | ૧૯૦૧ | ૨૬૪૧ |
| ધાણી | ૨૪૦૧ | ૩૧૦૧ |
| બાજરો | ૩૨૧ | ૫૩૧ |
| જુવાર | ૫૦૦ | ૧૨૧૧ |
| મકાઇ | ૩૦૦ | ૩૫૧ |
| મગ | ૧૧૦૦ | ૧૭૧૧ |
| ચણા | ૧૧૦૦ | ૧૨૮૧ |
| વાલ | ૪૦૦ | ૭૦૧ |
| ચોળા / ચોળી | ૩૦૦ | ૧૦૮૧ |
| સોયાબીન | ૧૨૨૧ | ૧૩૨૧ |
| અજમાં | ૭૨૬ | ૭૨૬ |
| ગોગળી | ૭૦૧ | ૧૩૫૧ |
| વટાણા | ૪૦૦ | ૬૯૧ |

**ગોંડલ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| ટમેટા | ૨૦૦ | ૬૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૬૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૨૦૦૦ |
| કોબી | ૨૦૦ | ૫૦૦ |
| દુધી | ૧૦૦ | ૬૦૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૧૨૦૦ |
| કાકડી | ૨૦૦ | ૮૦૦ |
| રીંગણા | ૨૦ | ૨૪૦ |
| ભીંડો | ૨૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૨૦૦ | ૫૦૦ |
| ગાજર | ૨૦૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૮૦૦ |
| વાલ | ૯૮૦ | ૧૬૦૦ |
| વટાણા | ૨૪૦૦ | ૨૯૦૦ |
| બટેટા | ૧૫૦ | ૨૬૦ |
| ડુંગળી પુરા | ૫ | ૧૦ |
| તાંજરીયા પુરા | ૨ | ૮ |
| કોથમીર પુરા | ૪ | ૬ |
| પચકારુ | ૩૦૦ | ૪૦૦ |
| ગ્રૂણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| પરવર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ઘીસોડા | ૧૮૦ | ૧૦૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૧૦૦૦ |
| મેથી પુરા | ૪ | ૧૫ |
| બીટ પુરા | ૯ | ૨૦ |
| સરગવો પુરા | ૨૦ | ૬૦ |
| ચોરા | ૨૦૦ | ૧૨૦૦ |
| કારેલા | ૨૦૦ | ૧૦૦૦ |
| વાલોર | ૧૮૦ | ૧૮૦૦ |
| કાચા પોપૈયા | ૮૦ | ૪૦૦ |
| આદુ | ૧૮૦ | ૨૮૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૪૦૦ |
| પાલક પુરા | ૪ | ૭ |

**અમરેલી**

| | | |
|---|---|---|
| શિંગ મોટી | ૧૧૯૫ | ૧૪૦૦ |
| શિંગદાણા ફાડા | ૧૫૨૫ | ૨૧૩૫ |
| તલ સફેદ | ૧૬૯૦ | ૨૬૮૦ |
| તલ કાળા | ૨૦૪૦ | ૩૭૧૫ |
| જુવાર | ૫૬૦ | ૧૨૪૦ |
| ઘઉં ટુકડા | ૪૬૦ | ૫૫૦ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૫૫ |
| અડદ | ૧૮૫૦ | ૧૮૫૦ |
| ચણા | ૮૦૦ | ૧૨૪૦ |
| તુવેર | ૭૨૦ | ૧૩૦૦ |
| કપાસ | ૧૧૬૦ | ૧૯૭૫ |
| એરંડા | ૧૦૦૦ | ૧૩૦૦ |
| જીરૂ | ૨૫૦૦ | ૩૬૪૫ |
| ધાણી | ૨૪૫૦ | ૩૯૦૦ |
| મેથી | ૧૧૫૦ | ૧૪૨૦ |
| સોયાબીન | ૧૦૫૫ | ૧૩૫૦ |

**અમરેલી (શાકભાજી)**

| | | |
|---|---|---|
| બટેટા | ૨૦૦ | ૨૮૦ |
| રીંગણા | ૧૬૦ | ૩૮૦ |
| ફ્લાવર | ૮૦૦ | ૯૦૦ |
| કોબીજ | ૪૦૦ | ૪૫૦ |
| શક્કરીયા | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ટમેટાં | ૫૫૦ | ૬૫૦ |
| સુરણ | ૮૫૦ | ૯૮૦ |
| ગાજર | ૬૦૦ | ૭૦૦ |
| દુધી | ૪૨૦ | ૫૩૦ |
| કારેલા | ૩૫૦ | ૪૫૦ |
| ગલકા | ૫૦૦ | ૬૧૦ |
| ચીભડા | ૬૨૦ | ૧૨૦૦ |
| કાકડી | ૪૦૦ | ૭૦૦ |
| ગુવાર | ૧૪૨૦ | ૧૮૩૦ |
| વટાણા | ૨૯૨૦ | ૩૦૨૦ |
| ચોળા લીલા | ૯૫૦ | ૧૦૫૦ |
| તુરીયા | ૯૦૦ | ૧૦૦૦ |
| ભીંડો | ૮૦૦ | ૯૦૦ |
| આદુ | ૧૬૦૦ | ૨૫૦૦ |
| કોથમીર | ૭૦૦ | ૧૪૦૦ |
| મેથીભાજી | ૧૬૦૦ | ૧૮૦૦ |
| ફોદીનો | ૭૫૦ | ૮૫૦ |
| ટીંડોરા | ૭૨૦ | ૮૩૦ |
| બીટ | ૩૯૦ | ૪૯૦ |
| સરગવો | ૯૨૦ | ૯૯૦ |
| લીમડો મીઠો | ૧૬૦ | ૨૦૦ |
| મરચાં લીલાં | ૮૦૦ | ૧૨૦૦ |
| ડુંગળી લીલી | ૧૪૦૦ | ૧૫૦૦ |
| ડુંગળી સુકી | ૪૦૦ | ૫૫૦ |
| લસણ સુકું | ૧૪૦૦ | ૧૫૦૦ |
| પાલક | ૭૫૦ | ૮૫૦ |
| લીંબુ | ૩૦૦ | ૪૦૦ |
| મકાઈ | ૨૪૦ | ૪૦૦ |

**સાવરકુંડલા**

| | | |
|---|---|---|
| શીંગ જીણી | ૧૦૦ | ૧૩૫૦ |
| શીંગ દાણા | ૧૮૦૦ | ૨૧૦૦ |
| તલ સફેદ | ૨૩૦૦ | ૨૫૫૦ |
| તલ કાળા | ૩૨૦૦ | ૩૪૫૦ |
| જીરૂ | ---- | ૩૭૦૦ |
| કપાસ | ૧૫૫૦ | ૧૮૪૫ |
| ઘઉં લોકવન | ૪૮૦ | ૫૪૦ |
| ઘઉં ટુકડા | ૪૯૦ | ૫૬૦ |
| બાજરો | ૪૭૦ | ૫૨૨ |
| જુવાર | ૫૫૦ | ૧૨૦૦ |
| અડદ | ૧૫૦૦ | ૧૭૦૦ |
| ચણા | ૧૧૫૦ | ૧૨૩૦ |
| તુવેર | ૧૪૦૦ | ૧૫૦૦ |
| એરંડી | ---- | ૧૩૦૦ |
| મેથી | ૧૩૦૦ | ૧૪૦૦ |
| રાય/રાયડો | ---- | ૧૯૦૦ |

**બગસરા**

| | | |
|---|---|---|
| ચણા સફેદ | ૧૦૪૫ | ૧૦૮૨ |
| મગફળી | ૧૨૦૦ | ૧૩૦૦ |
| ઘઉ લોકવન | ૪૩૦ | ૪૮૯ |
| જુવાર | ૬૦૦ | ૬૦૦ |
| ઘઉ ટુકડા | ૪૯૪ | ૪૯૪ |
| તુવેર | ૧૦૦૦ | ૧૪૨૫ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૦૦૦ |
| શીંગદાણા | ૧૫૫૫ | ૧૯૮૧ |
| સોયાબીન | ૧૩૦૯ | ૧૩૪૩ |
| ચણા | ૧૧૫૦ | ૧૨૩૩ |
| રાઈ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ધાણા | ૨૯૫૧ | ૨૯૫૧ |
| લસણ | ૧૮૩૦ | ૧૯૦૦ |

**બાબરા**

| | | |
|---|---|---|
| મગફળી | ૧૨૧૦ | ૧૩૩૫ |
| જીરૂ | ૩૦૪૫ | ૩૮૫૧ |
| ચણા | ૧૦૮૦ | ૧૨૧૫ |
| ઘઉ | ૪૬૫ | ૫૨૬ |

**ભેંસાણ**

| | | |
|---|---|---|
| કપાસ | ૯૯૧ | ૧૮૭૧ |
| ઘઉં | ૪૦૧ | ૫૪૬ |
| બાજરો | ૩૦૧ | ૩૦૧ |
| મગ | ૯૩૧ | ૯૩૧ |
| ચણા | ૮૦૧ | ૧૨૧૬ |
| અડદ | ૧૬૯૧ | ૧૬૯૧ |
| તુવેર | ૭૦૧ | ૧૪૯૧ |
| મગફળી | ૬૪૬ | ૧૧૮૧ |
| શિંગદાણા | ૧૫૦૧ | ૨૦૦૧ |
| શિંગફાડા | ૧૩૦૧ | ૧૭૫૬ |
| તલ સફેદ | ૧૨૦૧ | ૨૩૩૧ |
| મેથી | ૮૦૧ | ૧૨૪૧ |
| જીરૂ | ૩૮૨૧ | ૩૮૨૧ |
| ધાણા | ૨૦૦૧ | ૨૯૪૧ |
| લસણ | ૫૦૧ | ૭૩૧ |
| ડુંગળી લાલ | ૫૦ | ૫૦ |
| સોયાબીન | ૮૫૧ | ૧૩૨૬ |

**મહુવા**

| | | |
|---|---|---|
| શીંગ મગડી | ૧૪૧૪ | ૧૫૩૯ |
| શીંગ જી-૨૦ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| એરંડા | ૧૩૩૬ | ૧૩૩૬ |
| જુવાર | ૫૦૦ | ૧૨૨૫ |
| બાજરી | ૩૭૧ | ૫૧૫ |
| ઘઉં ટુકડા | ૪૪૮ | ૫૮૮ |
| અડદ | ૧૮૮૬ | ૧૯૨૬ |
| મગ | ૧૫૦૪ | ૧૫૦૪ |
| મેથી | ૧૨૭૫ | ૧૩૩૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૨૫૧ |
| તલ સફેદ | ૨૧૮૬ | ૨૪૬૭ |
| તલ કાળા | ૧૩૦૧ | ૩૫૨૭ |
| તુવેર | ૬૯૨ | ૬૯૨ |
| ધાણા | ૩૦૧૫ | ૩૦૧૫ |
| ડુંગળી લાલ | ૮૩ | ૬૦૦ |
| ડુંગળી સફેદ | ૧૫૦ | ૪૯૩ |
| નાળીયેર | ૬૭૦ | ૨૮૩૩ |

**કોડીનાર**

| | | |
|---|---|---|
| બાજરી હાઈબ્રીડ | ૩૭૫ | ૫૩૦ |
| ઘઉં | ૪૭૦ | ૫૭૦ |
| જુવાર | ૧૦૦૦ | ૧૧૬૦ |
| અડદ | ૧૮૫૦ | ૧૯૬૨ |
| મગ | ૧૩૦૦ | ૨૦૭૫ |
| ચણા | ૯૦૦ | ૧૧૭૯ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૪૩૦ |
| તલ કાળા | ૨૨૦૦ | ૩૭૯૫ |
| સોયાબીન | ૧૨૫૦ | ૧૩૭૯ |
| સીંગદાણા | ૧૭૦૦ | ૨૦૭૦ |

**જામનગર**

| | | |
|---|---|---|
| જુવાર | ૧૫૦ | ૨૦૦ |
| બાજરી | ૩૭૫ | ૪૬૦ |
| ઘઉં | ૩૫૦ | ૫૨૩ |
| મગ | ૧૭૦૦ | ૧૭૨૫ |
| તુવેર | ૮૦૦ | ૧૧૯૫ |
| વાલ | ૯૦૦ | ૧૦૦૦ |
| ચણા | ૧૧૬૬ | ૧૨૪૦ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૩૫૦ |
| તલી | ૧૭૯૦ | ૨૨૫૫ |
| તલ કાળા | ૧૮૫૦ | ૩૬૭૦ |
| લસણ | ૧૧૫૦ | ૨૨૦૫ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૦૪૫ |
| ડુંગળી સુકી | ૧૨૫ | ૪૬૦ |
| શીંગદાણા | ૧૪૫૦ | ૨૩૦૦ |

**રાજુલા**

| | | |
|---|---|---|
| તલ સફેદ | ૧૩૦૦ | ૧૩૦૦ |
| તલ કાળા | ૨૭૦૦ | ૨૯૦૦ |
| બાજરો | ૪૩૧ | ૫૩૩ |
| ઘઉં ટુકડા | ૪૮૨ | ૫૪૦ |
| જુવાર | ૫૧૦ | ૧૧૭૦ |
| ચણા | ૧૦૧૧ | ૧૨૦૦ |
| સોયાબીન | ૧૩૦૧ | ૧૩૦૧ |
| રાજગરો | ૧૩૦૦ | ૧૩૦૦ |
| શીંગદાણા | ૧૯૦૦ | ૧૯૦૦ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# લીલીયામાં ડાયમંડ એસોસિએશન દ્વારા રત્નકલાકારોના બાળકોને વિનામૂલ્યે ચોપડાંનું વિતરણ

લીલીયા,તા.૩૦







લીલીયા તાલુકા ડાયમંડ એસોસિએશન દ્વારા રત્નકલાકારો તથા હીરા ઉદ્યોગ સાથે સંકળાયેલા કારીગર ભાઈ-બહેનોના બાળકો માટે શૈક્ષણિક સહાય કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ અંતર્ગત ધોરણ ૧ થી ૧૨ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને વિનામૂલ્યે ચોપડાંનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ધારાસભ્ય મહેશભાઈ કસવાળા ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે પોતાના હસ્તે વિદ્યાર્થીઓને ચોપડાં અર્પણ કર્યા હતા. કાર્યક્રમનો મુખ્ય હેતુ હીરા ક્ષેત્રના શ્રમિક પરિવારો પરનો આર્થિક બોજ હળવો કરવાનો અને બાળકોને અભ્યાસ પ્રત્યે પ્રોત્સાહિત કરવાનો હતો. ઉપસ્થિત મહાનુભાવોએ વિદ્યાર્થીઓને મન લગાવીને ભણવા અને ઉજ્જવળ ભવિષ્ય તરફ આગળ વધવા પ્રેરણા આપી હતી.

આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે ધારાસભ્ય મહેશભાઈ કસવાળા તેમજ ભાજપના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત ડાયમંડ એસોસિએશનના જિલ્લા ઉપપ્રમુખ કાળુભાઈ લીમડિયા, તાલુકા પ્રમુખ ભૂપતભાઈ ધામત તેમજ કારોબારી સભ્યો અજય માલવિયા, ધનસુખભાઈ નારોલા, બાબુભાઈ વોરા, કાંતિભાઈ ડુંગરિયા, સુરેશભાઈ, વિજયભાઈ અગ્રાવત, સમીરભાઈ વીરપરા, દામજીભાઈ ધામત, મનીષભાઈ લીમડિયા, નરેશભાઈ પાચાણી અને હર્ષદભાઈ વોરા સહિતના આગેવાનો હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં રત્નકલાકારો, વાલીઓ અને વિદ્યાર્થીઓએ હાજરી આપીને આ શૈક્ષણિક પહેલને બિરદાવી હતી.

# જગદગુરૂ શંકરાચાર્યને ટીંબી હોસ્પિટલની પ્રવૃતિ અંગેની માહિતી પુસ્તિકા અર્પણ

અમરેલી,તા.૩૦



જગદગુરુ શંકરાચાર્ય સહજાનંદ સરસ્વતીજી મહારાજ ભાવનગર જિલ્લાના ઘોઘા તાલુકામાં પધાર્યા હતા. આ પ્રસંગે નિર્દોષાનંદ માનવસેવા હોસ્પિટલ ટીંબીના સ્થાપક ટ્રસ્ટી બી. એલ. રાજપરાએ જગદગુરુના દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા. તેમણે નિર્દોષાનંદ સરસ્વતીજી મહારાજ લિખિત "જીકાસુ પિયુષ" પુસ્તક, શાલ, પુષ્પહાર તેમજ હોસ્પિટલની સેવાકીય પ્રવૃત્તિ અંગેની માહિતી પુસ્તક અર્પણ કરી હતી. હોસ્પિટલ દ્વારા નિઃશુલ્ક આરોગ્ય સેવાઓ અને માનવસેવાના કાર્યો વિશે વિગતવાર માહિતી આપવામાં આવતા જગદગુરુએ પ્રસન્નતા વ્યક્ત કરી હતી અને સેવાકીય કાર્યને શુભકામનાઓ પાઠવી હતી.

# અતુલ કાનાણી સહિતનાઓએ અમરેલી જીવન મુક્તેશ્વર મંદિરે ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરી

અમરેલી,તા.૩૦



અમરેલી રેલ્વે સ્ટેશન નજીક આવેલ જીવન મુક્તેશ્વર મંદિરે ગુરુપૂર્ણિમાના પાવન પર્વની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે મહંત ઉદયભારથી બાપુનું હાર પહેરાવી અને શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે મહંતને ગુરુપૂર્ણિમાની શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમ દરમિયાન કમલેશભાઈ સોલંકી, નાથુભાઈ ધાધલ, એડવોકેટ સુનિલભાઈ રાજ્યગુરુ, કપિલભાઈ ઝીંઝુવાડીયા સહિત આગેવાનો અને મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

# ભારે વરસાદની આગાહીને પગલે અમરેલી જિલ્લા તંત્ર એલર્ટ, પૂર્વ તૈયારીની સમીક્ષા બેઠક યોજાઈ

અમરેલી,તા.૩૦




ભારતીય હવામાન વિભાગ દ્વારા ૩૧ જુલાઈ અને ૧ ઓગસ્ટ દરમિયાન રાજ્યના કેટલાક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ અને તેજ પવનની આગાહી કરવામાં આવતા અમરેલી જિલ્લા તંત્ર એલર્ટ બન્યું છે. આગાહીને ધ્યાનમાં રાખીને જિલ્લા સેવા સદનમાં કલેક્ટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષસ્થાને તમામ લાઈન વિભાગોના અધિકારીઓ સાથે પૂર્વ તૈયારી અને સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં સંભવિત પરિસ્થિતિને પહોંચી વળવા જરૂરી માનવબળ, મશીનરી અને સાધનો તૈયાર રાખવા સૂચના આપવામાં આવી હતી. કોસ્ટલ તાલુકાઓ, દરિયાકાંઠાના ગામો અને નીચાણવાળા વિસ્તારોમાં સતત દેખરેખ રાખવા તેમજ જરૂર પડે તો લોકોને સલામત સ્થળે ખસેડવાની તૈયારી રાખવા ભાર મૂકાયો હતો. જિલ્લા તંત્ર દ્વારા સમયાંતરે જાહેર થતી સૂચનાઓનું પાલન કરવા અપીલ કરવામાં આવી હતી.

# અમરેલી શહેરમાં આજરોજ ભગવાન પરશુરામનો પાંચમો પાટોત્સવ યોજાશે

અમરેલી,તા.૩૦




અમરેલી સ્થિત પરશુરામધામ ખાતે પરશુરામજીનો પાંચમો પાટોત્સવ આજે તા. ૩૧ને શુક્રવારના રોજ ભવ્ય રીતે ઉજવવામાં આવશે. આ ધાર્મિક મહોત્સવ દરમિયાન સવારે ૮:૦૦ વાગ્યે મહાપૂજાનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારબાદ બપોરે ૧૨:૦૦ વાગ્યે ભાવિકો માટે અન્નકૂટ દર્શન અને મહાઆરતી યોજાશે.સાંજે ધાર્મિક વાતાવરણ વચ્ચે રાત્રે ૮:૦૦ વાગ્યે સત્યનારાયણ ભગવાનની કથાનું પણ વિશેષ આયોજન રાખેલ છે. પરશુરામધામ પરિવાર દ્વારા આ પાવન પ્રસંગે તમામ ભાવિક ભક્તજનોને પોતાના પરિવાર સાથે પધારીને ધાર્મિક ઉત્સવનો લાભ લેવા માટે હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# સુરતમાં સદગુરુ જીવરાજબાપા કાકડિયાના સાનિધ્યમાં ભવ્ય ગુરુપૂર્ણિમા મહોત્સવ યોજાયો

સુરત,તા.૩૦



સુરતના મીની બજાર સ્થિત સૌરાષ્ટ્ર પટેલ સમાજ ભવનના જે.ડી. ગાબાણી હોલ ખાતે ગુરુપૂર્ણિમાની પૂર્વ સંધ્યાએ મંગળવારે રાત્રે ભવ્ય સંતવાણી સત્સંગ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. સદગુરુ જીવરાજબાપા કાકડિયાના દિવ્ય સાનિધ્યમાં યોજાયેલા આ કાર્યક્રમમાં જાણીતા સંતવાણી આરાધક મનીષાબેન કાત્રોડીયાએ (દાસી મનુ) શ્રદ્ધામય ભજનો પીરસીને ઉપસ્થિત તમામ ભક્તોને રસતરબોળ કર્યા હતા. આ પ્રસંગે દેવજીબાપા સભાયા, પ્રાગજીભાઈ કાકડિયા સહિત દેશ-વિદેશથી પધારેલા અનેક અગ્રણીઓ, સાધુ-સંતો તથા ભાવિક ભક્તો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર ધાર્મિક આયોજન શ્રી કનુભાઈ જીવરાજભાઈ કાકડિયા તથા દેવજીબાપા જસમતભાઈ સભાયા (સુરગપરાવાળા) દ્વારા સફળતાપૂર્વક સંપન્ન કરવામાં આવ્યું હતું, જેની વિગત મહેશગીરી ગોસ્વામી (ચલથાણ, સુરત) દ્વારા આપવામાં આવી છે.

# ધોરાજીના નાગનાથ મહાદેવ મંદિરે ગુરુપૂર્ણિમાએ વીર મેઘમાયાની પ્રતિમાનું ભવ્ય અનાવરણ

**મેઘવાર સમાજના ભાવિકોની હાજરીમાં ધાર્મિક માહોલ સર્જાયો**

ધોરાજી,તા.૩૦



ધોરાજીના ઐતિહાસિક નાગનાથ મહાદેવ મંદિર ખાતે ગુરુપૂર્ણિમાના પાવન અવસરે મેઘવાર સમાજના આરાધ્ય વીર મેઘમાયાની પ્રતિમાનું ભવ્ય અનાવરણ કરવામાં આવ્યું હતું. આ પ્રતિમા સરધારપુરના દાતા વલ્લભભાઈ સોમાભાઈ ચાડપા દ્વારા મંદિરને અર્પણ કરવામાં આવી હતી, જેને સમાજજનોએ હર્ષભેર બિરદાવી હતી. સમાજના આગેવાનો, યુવાનો અને મહિલાઓ સહિત મોટી સંખ્યામાં ભાવિકો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં વક્તાઓએ વીર મેઘમાયાના શૌર્ય, ત્યાગ અને સમર્પણને યાદ કરીને તેમને સમગ્ર સમાજ માટે પ્રેરણાસ્ત્રોત ગણાવ્યા હતા. વૈદિક મંત્રોચ્ચાર, પૂજન-અર્ચન અને મહાઆરતી બાદ તમામ ભાવિકો માટે મહાપ્રસાદનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

# અમરેલીમાં બજરંગ દળ દ્વારા વૃક્ષ વિતરણ કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૩૦



બજરંગ દળ સૌરાષ્ટ્ર પ્રાંતના સેવા સપ્તાહ અંતર્ગત ૦૭ જુલાઈ ૨૦૨૬ના રોજ અમરેલી જિલ્લા બજરંગ દળની ટીમ દ્વારા વૃક્ષ વિતરણ કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. પ્રાંત સંયોજક રવિરાજસિંહ જાડેજા અને વિભાગ સંયોજક ગીગુભાઈ આહીરના માર્ગદર્શન હેઠળ નાગનાથ મહાદેવ મંદિરના સાનિધ્યમાં નાગરિકોને વિનામૂલ્યે વિવિધ વૃક્ષોના રોપાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયા, નગર ભાજપ પ્રમુખ વિજયભાઈ ચોટલીયા, પૂર્વ બજરંગ દળ જિલ્લા સંયોજક વિદુરભાઈ ડાબસરા તેમજ સંદીપભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# સ્વાતંત્રતા દિવસની જિલ્લા કક્ષાની ઉજવણી વેરાવળ ખાતે કરવામાં આવશે

ઉના,તા.૩૦




આગામી ૧૫મી ઓગસ્ટે ઉજવાનારા સ્વતંત્રતા દિવસની જિલ્લા કક્ષાની ઉજવણી વેરાવળ ખાતે યોજાનાર છે. આ ભવ્ય ઉજવણીના સફળ આયોજન માટે જિલ્લા કલેક્ટર જીતેન્દ્રસિંહ વાઘેલાના અધ્યક્ષસ્થાને જિલ્લા સેવા સદન ખાતે મહત્વપૂર્ણ સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં વિવિધ વિભાગોના વડા અધિકારીઓ ઉપસ્થિત રહી ઉજવણીને સુચારુ અને ભવ્ય બનાવવા માટે જરૂરી આયોજન અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

# વેરાવળ-કોડીનાર હાઈવે પરથી વિદેશી દારૂ ઝડપાયો

ઉના,તા.૩૦

ગીર સોમનાથ જિલ્લામાં પ્રોહિબિશન કાયદાના અમલ હેઠળ એલસીબીએ વેરાવળ-કોડીનાર હાઈવે પર આજોઠા ઓવરબ્રિજ નજીક દરોડો પાડી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. કાર્યવાહીમાં કુલ રૂ.૭૪,૬૩૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો અને ત્રણ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી.


**ગ્રામ પંચાયત ગીગાસણ**

**જાહેર હરરાજી**

આથી રસ ધરાવતા વ્યકિતઓને જણાવવાનું કે, ધારી તાલુકાના ગીગાસણ ગામે જર્જરિત બસ સ્ટેન્ડ તોડી પાડી તેમાથી નીકળેલ ઈમલો હરરાજીથી ખરીદવા રસ ધરાવતા ઈસમોને જાણ કરવામાં આવે છે. હરરાજીમાં ભાગ લેવા માગતા ઈસમોએ જાહેરાત પ્રસિધ્ધ થયેથી અરજી ફોર્મ મેળવી ડિપોજીટ પેટે રૂ. ૧૦૦૦.૦૦ એક હજાર પૂરા ભરી રકમ ભર્યાની પહોચ સાથે તા.૧૦.૦૮.૨૦૨૬ સુધીમાં અપ-સેટ પ્રાઈઝથી ઉપરના ભાવનું બીડ અત્રેની કચેરીમાં કામકાજના સમય દરમ્યાન રજૂ કરવાનું રહેશે. ઈમલા (કાટમાળ)ની સ્થળ સ્થિતિ કચેરી સમય દરમ્યાન જોઈ શકાશે. રસ ધરાવતા ઈસમોએ શરતોને આધીન સ્વખર્ચ હરરાજીમાં ભાગ લેવા જાહેર નિવેદન કરવામાં આવે છે. સદર ઈમલાના નિયમો અને શરતો સ્થળ પર રૂબરૂ વાંચી સંભળાવવામાં આવશે.હરરાજી અંગેના તમામ અધિકાર સરપંચશ્રી, ગ્રામપંચાયત ગીસાસણના રહેશે. જેની સામે કોઈ વાંધો, તકરાર લઈ શકશે નહિ.

**પુરા ઈમલાની અપસેટ કિંમત ૫,૦૦૦/- (પાંચ હજાર પૂરા) છે.**

**હરરાજી તારીખ:૧૧/૦૮/૨૦૨૬, મંગળવાર, બપોરના ૧ કલાકે**
**સ્થળ :ગ્રામ પંચાયત કચેરી ગીગાસણ**

સ્થળ:ગીગાસણ
ગીગાસણ ગ્રામ પંચાયત ઓફિસ
તા.૩૦/૦૭/૨૦૨૬

જે.પી. ચૌહાણ
ત.ક.મ.
ગીગાસણ ગ્રામ પંચાયત

એમ.એમ. વાઘેલા
સરપંચ
ગીગાસણ ગ્રામ પંચાયત



**મામલતદાર અને એકઝીક્યુટિવ મેજિસ્ટ્રેટની કોર્ટમાં, ભેંસાણ**

**-:: જાહેર નોટીસ ::-**

કેસ.નં.જન્મ-મરણ/૬૪/૨૦૨૬

શ્રી રેમસીંગભાઈ કહારીયાભાઈ જમરે,
રહે. બામણગઢ, તા. ભેસાણ, જી. જુનાગઢ ........વાદી

**વિરૂધ્ધ**

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - બામણગઢ,
તા. ભેસાણ, જી. જુનાગઢ . ....પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ – ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી રેમસીંગભાઈ કહારીયાભાઈ જમરે દ્વારા તેઓના પુત્રીશ્રી કવિતા રેમસીંગભાઈ જમરે નો જન્મ તા. ૧૫/૧૧/૨૦૧૭ ના રોજ ગામ/મોજેઃ બામણગઢ, તા. ભેંસાણ, જિ. જુનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે અરજદારશ્રીની જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી-બામણગઢ, તા. ભેંસાણ, જિ. જુનાગઢ ના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ :- ૨૫ મી માહે : જુન સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યા

**સહી,**
**(આઈ.આર. પારગી)**
**મામલતદાર અને**
**એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ**
**ભેંસાણ**



**-:: જાહેર નોટીસ ::-**

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં. ૩૨/૨૦૨૬
મરણ તારીખ : ૧૬/૦૪/૧૯૮૮

ગોવિંદભાઈ ભાયાભાઈ સોસા,
રહે. કાજ, ગામ-કાજ,
તાલુકો-કોડીનાર, જીલ્લો-ગીર સોમનાથ
......... અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટ્રારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, કાજ, તાલુકો-કોડીનાર, જીલ્લો-ગીર સોમનાથ
........ સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી **ગોવિંદભાઈ ભાયાભાઈ સોસા**, રહે. કાજ, ગામ-કાજ, તાલુકો-કોડીનાર, જીલ્લો-ગીર સોમનાથ વાળાએ તેમના પિતા સ્વ. ભાયાભાઈ વિરાભાઈ સોસાનું મરણ તારીખ: **૧૬/૦૪/૧૯૮૮** ના રોજ કોડીનાર તાલુકાના **કાજ** ગામ મુકામે થયેલ છે. જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજૂ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે, જેની નોંધ લેશો.

આજ રોજ તા. ૦૭ માહે ૦૭ સને ૨૦૨૬ નાં રોજ કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહી**
**(એચ.કે.ભાસ્કર)**
**એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**


# લાઠીમાંથી યુવતી ઘરેથી ચાલી નીકળી

લાઠી, તા.૩૦

લાઠીમાંથી યુવતી ઘરેથી ચાલી નીકળી હતી. નાથાભાઈ પ્રેમજીભાઈ સેજુ (ઉ.વ. ૫૧)એ જાહેર કર્યા પ્રમાણે, તેમની પુત્રી દર્શનાબેન સેજુ (ઉ.વ. ૨૫) ઘરેથી કોઈને કહ્યા વગર ક્યાંક જતી રહી હતી. યુવતીનો કોઈ પત્તો ન લાગતા પરિવારજનોએ પોલીસમાં જાણ કરી હતી. જેથી લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે. કે. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.


**:: જાહેર નોટીસ ::**

અમો રાકેશકુમાર સી. વઘાસીયા- એડવોકેટ બગસરા તે લાગતા-વળગતા તથા જાહેર જનતા જોગ આ જાહેર નોટીસ થકી જાણ કરી જણાવીએ છીએ કે, અમરેલી જીલ્લાના કુંકાવાવ વડીયા તાલુકાના અમરાપુર ગામના રેવન્યુ સર્વે નંબર ૨૪૫ જુની શરતની ખેડવાણ જમીન જેનું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૧-૧૨-૩૦ વાળી તે માથુકીયા માવજીભાઈ રામભાઈ વગેરેની સયુંકત કબજા-ભોગવટા અને માલિકીની આવેલી છે અને તેમના સ્વતંત્ર નામે ખાતા નં. ૨૦૦ થી ગામ દફતરે નમુના નં.૮-અ મા નોંધાયેલ છે. તેમજ અમરેલી કુંકાવાવ વડીયા તાલુકાના અમરાપુર ગામના રેવન્યુ સર્વે નંબર ૨૪૩ જુની શરતની ખેડવાણ જમીન જેનું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૧-૩૦-૫૧ વાળી તે સાવલીયા ગોવિંદભાઈ ઠાકરશીભાઈ વગેરેની સંયુકત કબજા-ભોગવટા અને માલિકીની આવેલી છે અને તેમના સંયુકત નામે ખાતા નં. ૭૦૦ થી ગામ દફતરે ગામ નમુના નં.૮-અ મા નોંધાયેલ છે.તે ખેત જમીન અમારા અસીલ તેમની પાસેથી ખરીદ કરવા માંગે છે.

સબબ આથી આ જાહેર નોટીસ થકી લાગતા-વળગતા તેમજ હિત ધરાવતા તમામ તથા જાહેરજનતા જોગ આ જાહેર નોટીસ થકી જાણ કરવાની કે સદર હું મિલ્કત-ખેત જમીનો સંબંધે કોઈ વ્યક્તિ, સંસ્થા, પેઢી કે કોઈપણ વિગતે હક્ક, અધિકાર, રાઈટ્સ, માલિકી હોય કે આ આ મિલ્કત ઉપર અન્ય કોઈ પણ વ્યક્તિ, સંસ્થા કે બેન્કનું કરજ, લીયન, બોજો, લેણું, ધિરાણ, લોન કે ભરણ-પોષણ, વારસાઈ, ભાગીદારી કે ભાયુભાગ કે કોઈ સોદાખત, મુખત્યારનામું કે કોઈ પણ પ્રકારના અગ્ર હક્ક કે લખાણો હોય કે કબજા હક્ક હોય તો તે સંબંધે તેમના લેખિત આધાર પુરાવા સાથે આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિવસ-૮(આઠ) મા નીચે જણાવેલ સરનામે જાણ કરવી અન્યથા મુદત વીત્યેથી સદર હું મિલ્કત પરત્વે કોઈનો કોઈપણ જાતનો વાંધો-તકરાર, હક્ક-હિસ્સો કે લાગભાગ નથી અને હોય તો પણ તે જતો (WAIVE) કરેલ છે તેમ માની લઈ ઉક્ત લખ્યા મિલકતોના માલિકોને ધોરણસરનો અવેજ ચૂકવી અમારા અસીલ સદર હું જમીનોનો ઉક્ત માલિકો અને કબ્જેદારો પાસેથી ધોરણસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ એકઝીક્યુટ કરાવી લેશે અને વિધિવત રીતે જમીનોનો કબજો મેળવી લેશે અને ત્યારબાદના કોઈ પણ વાંધા-તકરાર અમારા અસીલ કે તેમને ખરીદ કરેલ મિલકતને કોઈ પણ વિગતે બંધનકર્તા રહેશે નહી તેની આથી જાહેર જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.

**બગસરા, તા.૩૦/૦૭/૨૦૨૬** **અસીલોની સુચના અને ફરમાઈશથી**

**અમારા મારફતઃ** **રાકેશકુમાર સી. વઘાસીયા**

મો.૯૬૦૧૫ ૯૧૪૮૧, ૮૮૪૯૮ ૫૪૮૨૭ (એડવોકેટ)

શ્રીજી ઝેરોક્ષ, મામલતદાર ઓફીસ સામે, રાધે મેડીકલની બાજુમાં, બગસરા.

# અમદાવાદ-મુંબઈ નેશનલ હાઈવે પરથી વડોદરા પોલીસે બાળ તસ્કરીનું કૌભાંડ ઝડપી પાડ્યુ



મહેસાણા,તા.૩૦

અમદાવાદ-મુંબઈ નેશનલ હાઈવે-૪૮ પર લેજન્ડ હોટલ નજીકથી વડોદરા ક્રાઈમ બ્રાન્ચે બસમાંથી એક દંપતીને પકડીને ૮ દિવસના નવજાત બાળકને મુક્ત કરાવ્યું છે. મનોજ રાવળ અને વિણાબેન રાવળ નામના આ દંપતી પાસેથી બાળક મળી આવ્યું હતું.

તપાસમાં સામે આવ્યું કે બાળકને મુંબઈના એક કથિત ડોક્ટરને રૂ. ૩ લાખમાં વેચવાનો સોદો થયો હતો.

જેમાં બાળકના માતા-પિતાને રૂ. ૨ લાખ, દલાલ નગીનને રૂ. ૧૦ હજાર અને બાળક પહોંચાડવા બદલ દંપતીને રૂ. ૨૦ હજાર મળવાના હતા. સુનિલ રાવળ અને શ્રવણ પારગીએ ડોક્ટર સાથે સંપર્ક કરાવ્યો હતો. પોલીસે બાળકને સારવાર માટે વડોદરાની એસએસજી હોસ્પિટલમાં ખસેડ્યું છે. આ મામલે ભારતીય ન્યાય સંહિતા અને બાળ ન્યાય અધિનિયમ હેઠળ કથિત ડોક્ટર, દલાલો અને માતા-પિતા સહિત કુલ ૮ લોકો સામે ગુનો નોંધી વડોદરા ક્રાઈમ બ્રાન્ચે વધુ તપાસ હાથ ધરી છે.

# વડોદરાની માંજલપુર પેટાચૂંટણીમાં પોલીસની હાજરીમાં ભાજપ-કોંગ્રેસ વચ્ચે ઉગ્ર મારામારી



વડોદરા,તા.૩૦

વડોદરાની ૧૪૫-માંજલપુર વિધાનસભા બેઠકની પેટાચૂંટણીના મતદાન દરમિયાન ભાજપ અને કોંગ્રેસના કાર્યકરો વચ્ચે ઉગ્ર મારામારીની ઘટના સામે આવી છે. મતદાન મથક નજીક બંને પક્ષો સામે-સામે આવી જતાં ભારે ચકચાર મચી ગઈ છે, જેનો વીડિયો પણ વાયરલ થયો છે.

આ મારામારી માંજલપુર પોલીસ સ્ટેશનની બરાબર બહાર જ થઈ હતી, જ્યાં પોલીસની હાજરી હોવા છતાં તેઓ મુકદર્શક બની રહ્યા હોવાના આક્ષેપોથી પોલીસ પ્રશાસનની કામગીરી સામે સવાલો ઉઠ્યા છે. ભાજપ યુવા મોરચાના પ્રમુખ મૌલિક દેસાઈ અને ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલા પર કાળી તલાવડી વિસ્તારના એક પરિવારને માર મારવાના અને પોલીસ સ્ટેશનમાં પણ હુમલો કરવાના ગંભીર આરોપો લાગ્યા છે.

ચૂંટણી આચારસંહિતાનો ખુલ્લેઆમ ભંગ થતાં ચૂંટણી પંચ તેમજ પોલીસ પ્રશાસનની ભૂમિકા સામે અનેક પ્રશ્નો ઊભા થયા છે.

# પૂર્વ મુખ્યમંત્રી નિતિશકુમારના નિવાસસ્થાન નજીક જ બે યુવકો પર અંધાધૂંધ ગોળીબાર


પટાણા,તા.૩૦

બિહારની રાજધાની પટના નજીક આવેલા બખ્તિયારપુરમાં બદમાશોએ અંધાધૂંધ ગોળીબાર કરીને સનસનાટી મચાવી દીધી હતી. પૂર્વ મુખ્યમંત્રી નીતિશ કુમારના નિવાસસ્થાન સામેના રસ્તા પર ગંગા આરતીમાંથી પરત ફરી રહેલા વિશાલ કુમાર અને અભિષેક કુમાર પર અચાનક હુમલો કરવામાં આવ્યો હતો.

આ હુમલામાં વિશાલને પીઠમાં અને અભિષેકને પેટમાં ગોળી વાગતાં બંને ગંભીર રીતે ઘાયલ થયા હતા. પ્રાથમિક સારવાર બાદ તેમને વધુ સારવાર માટે પટણા મેડિકલ કોલેજ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. ઘટના સ્થળેથી પોલીસે ગોળીના ખોખા જપ્ત કર્યા છે અને સીસીટીવી ફૂટેજ સ્કેન કરીને આરોપીઓને ઝડપી પાડવા દરોડા શરૂ કર્યા છે. આ ઘટના બાદ વિસ્તારની સુરક્ષા વધારી દેવામાં આવી છે.

# બંગાળમાં રેતી માફિયાઓ સામે કાર્યવાહી, રૂ. ૫.૫ કરોડ રોકડા અને ૧૫ કિલો સોનું જપ્ત

**મુખ્યમંત્રીએ પોલીસ અને વહીવટી તંત્રની પ્રસંશા કરી**



કોલકત્તા,તા.૩૦

પશ્ચિમ બંગાળમાં બીરભૂમ પોલીસે ગેરકાયદેસર રેતી માફિયા તુલ્લુ મંડલ ઉર્ફે મોહમ્મદ નજીબુદીન સામે મોટી કાર્યવાહી કરીને ૫.૫ કરોડ રૂપિયા રોકડા અને ૧૫ કિલો સોનાની લગડીઓ જપ્ત કરી છે. મોહમ્મદ બજાર પોલીસ સ્ટેશન હેઠળ આવેલા તેના સાળા મીનાર મંડલના ઘરે પોલીસે મંગળવારે મોડી રાત્રે દરોડો પાડ્યો હતો, જ્યાંથી આ મિલકત મળી આવી હતી.

મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીએ રાજ્ય પોલીસ અને જિલ્લા વહીવટી તંત્રની આ સફળ કામગીરીની પ્રશંસા કરતાં ભ્રષ્ટાચાર સામે 'ઝીરો ટોલરન્સ' નીતિનો પુનરોચ્ચાર કર્યો હતો. તેમણે સ્પષ્ટ કર્યું કે સરકારી સંપત્તિ લૂંટનારાઓ સામે કડક કાર્યવાહી ચાલુ રહેશે. આ મામલે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# યુપીના ખુદનવૈદમાં પુત્રએ માતાની પથ્થરથી કચડીને નિર્મમ હત્યા કરી

લખનૌ,તા.૩૦

ઉત્તર પ્રદેશના ફરુખાબાદ જિલ્લાના ખુદનવૈદ ગામમાં એક પુત્રએ તેની માતા નાની દેવીનું માથું પથ્થરથી કચડીને નિર્મમ હત્યા કરી દીધી છે. સામાન્ય ઘરગથ્થુ ઝઘડા દરમિયાન પુત્ર પંકજે આ જઘન્ય ગુનાને અંજામ આપ્યો હતો. આ ઘટનામાં વચ્ચે પડેલી તેની બહેન પર પણ હુમલો કરવામાં આવ્યો હતો, જેણે રૂમમાં પુરાઈને પોતાનો જીવ બચાવ્યો હતો.

બનાવની જાણ થતાં જ ગ્રામજનોએ આરોપી પુત્રને પકડીને હાથ-પગ બાંધી દીધા હતા અને પોલીસને હવાલે કર્યો હતો. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આરોપી યુવક માનસિક રીતે અસ્થિર છે. પોલીસે ઘટનાસ્થળે પહોંચી મૃતદેહનો કબજો મેળવ્યો છે અને આરોપીને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડી આગળની કાનૂની કાર્યવાહી હાથ ધરી છે.

# સપા અને કોંગ્રેસે ક્યારેય મહારાજ સુહેલદેવના નામે કાર્યક્રમ યોજવા ન દીધો: મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ



લખનૌ,તા.૩૦

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ગાઝીપુર જિલ્લાની મુલાકાત દરમિયાન ૬૯૨ કરોડ રૂપિયાના ૨૬૮ જન કલ્યાણકારી પ્રોજેક્ટ્સનું ઉદ્‌ઘાટન અને શિલાન્યાસ કર્યો હતો. આ પ્રસંગે જાહેર સભાને સંબોધતા તેમણે સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે આક્ષેપ કર્યો હતો કે ભૂતકાળની સરકારોએ વિદેશી આક્રમણકારોનું ગૌરવ વધારીને રાષ્ટ્રીય નાયકોનું અપમાન કર્યું હતું અને ગાઝીપુર માટે ઓળખનું સંકટ ઊભું કર્યું હતું.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે ભાજપની ડબલ એન્જિન સરકાર રાષ્ટ્રીય નાયકોનું સન્માન કરે છે. સપા અને કોંગ્રેસે ક્યારેય મહારાજ સુહેલદેવના નામે કોઈ કાર્યક્રમ યોજવા દીધો નહોતો, પરંતુ વર્તમાન સરકારે બહરાઈચમાં મહારાજ સુહેલદેવનું ભવ્ય સ્મારક બનાવ્યું છે, તેમના નામે મેડિકલ કોલેજ સ્થાપી છે તેમજ આઝમગઢમાં યુનિવર્સિટીનું નિર્માણ કર્યું છે.


# જેતપુરમાં ભાદર નદીના ચેકડેમમાં નહાવા પડેલા બે યુવકોના ડૂબી જવાથી મોત



જેતપુર,તા.૩૦

રાજકોટ જિલ્લાના જેતપુર નજીક ખીરસરા રોડ પર આવેલી ભાદર નદીના નાર પાટ ચેકડેમ ખાતે એક દુઃખદ ઘટના સામે આવી છે. ૫ થી ૬ મિત્રોના જૂથ સાથે પાણીમાં નહાવા પડેલા બે નવયુવાનોના ઊંડા પાણીમાં ગરકાવ થઈ જવાથી કરૂણ મોત નીપજ્યા છે.મળતી માહિતી મુજબ, મિત્રો સાથે મોજ-મસ્તી કરતી વખતે પાણીની ઊંડાઈનો યોગ્ય અંદાજ ન મળવાને કારણે બે યુવાનો અચાનક ઊંડા પાણીમાં ડૂબવા લાગ્યા હતા. આ ઘટનામાં જીવ ગુમાવનાર યુવકોની ઓળખ વસીમ પરમાર (ઉંમર આશરે ૨૦ વર્ષ) અને કાદિર ડોઢિયા (ઉંમર ૧૭ વર્ષ) તરીકે થઈ છે.સ્થાનિકો દ્વારા જાણ કરાતાં જ જેતપુર નગરપાલિકાની ફાયર બ્રિગેડની ટીમ અને પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. કલાકોની મુશ્કેલ શોધખોળ રેસ્ક્યૂ કામગીરી બાદ ફાયર ફાઈટરોએ બંને યુવકોના મૃતદેહને પાણીમાંથી બહાર કાઢ્યા હતા. આ કરૂણ ઘટનાને પગલે મૃતકના પરિવારો પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે.

# સુપ્રીમ કોર્ટે જામીન રદ કરતા સોનમ રઘુવંશીએ કોર્ટમાં આત્મસમર્પણ કર્યું



ઈન્દોર,તા.૩૦

મેઘાલયના બહુચર્ચિત હનીમૂન હત્યા કેસમાં સુપ્રીમ કોર્ટના કડક આદેશ બાદ મુખ્ય આરોપી સોનમ રઘુવંશીએ ટ્રાયલ કોર્ટ સમક્ષ આત્મસમર્પણ કર્યું છે. લગભગ ત્રણ મહિના સુધી જામીન પર રહ્યા બાદ કોર્ટે તેને ન્યાયિક કસ્ટડી હેઠળ જેલમાં મોકલી આપી છે.

પૂર્વ ખાસી હિલ્સના પોલીસ અધિક્ષકે આત્મસમર્પણની પુષ્ટિ કરી છે, જ્યારે મૃતક રાજા રઘુવંશીના પરિવારે આ નિર્ણયનું સ્વાગત કરી ઝડપી ન્યાયની આશા વ્યક્ત કરી છે. ઉલ્લેખનીય છે કે મે ૨૦૨૫માં ચેરાપુંજી નજીકથી રાજાનો મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસ તપાસમાં સોનમ, તેના પ્રેમી અને ત્રણ શૂટરો સામે ૭૯૦ પાનાની ચાર્જશીટ રજૂ કરવામાં આવી છે, જેમાં હનીમૂન દરમિયાન સુનિયોજિત કાવતરું ઘડી હત્યા કરાઈ હોવાનો ખુલાસો થયો હતો.

# દામનગરમાં પરીખ હોન્ડાના નવા EC સેન્ટરનું ભવ્ય ઉદ્‌ઘાટન







દામનગર,તા.૩૦

દામનગરના ઢસા રોડ પર GJ2 ઝોનના નવા EC સેન્ટરનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ નવા સેન્ટરથી વિસ્તારમાં પરીખ હોન્ડાની બજાર પહોંચ વધુ મજબૂત બનશે તેમજ ગ્રાહકોને વધુ સરળ અને ઝડપી સેવા ઉપલબ્ધ થશે. કાર્યક્રમમાં પરીખ હોન્ડા અમરેલીના માલિક આનંદ પરીખ, આજુબાજુના સરપંચો, સંતો તેમજ HMSIના AI સેલ્સ વિભાગના અવીનેશ દુગલ ઉપસ્થિત રહ્યા હતા. ઉદ્‌ઘાટન પ્રસંગે સ્થાનિક ગ્રાહકોનો સારો પ્રતિસાદ મળ્યો હતો. કાર્યક્રમ દરમિયાન કુલ ૧૨ પૂછપરછ નોંધાઈ હતી, બે વાહનોના બુકિંગ થયા હતા અને પાંચ નવા વાહનોની ડિલિવરી પણ કરવામાં આવી હતી. આયોજકોએ કાર્યક્રમને સફળ બનાવવા બદલ ઉપસ્થિત મહેમાનો અને તમામ સહયોગીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ચીને પાકિસ્તાન મારફતે ઈરાનને ૪૦૦ રોકેટ લોન્ચર મોકલ્યાનો આરોપ

**દાવા બાદ મધ્ય પૂર્વમાં યુધ્ધ વધુ વ્યાપક બનવાની આશંકા**



વોશિંગ્ટન,તા.૩૦

મધ્ય પૂર્વમાં વધતા તણાવ વચ્ચે એક ચોંકાવનારો અહેવાલ સામે આવ્યો છે, જેમાં ચીન પાકિસ્તાન મારફતે ઈરાનને ૪૦૦ રોકેટ લોન્ચર સપ્લાય કરી રહ્યું હોવાનો દાવો કરવામાં આવ્યો છે. આ દાવા બાદ મધ્ય પૂર્વમાં યુધ્ધ વધુ વ્યાપક બનવાની આશંકા સેવાઈ રહી છે.

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આ અહેવાલો અંગે પ્રતિક્રિયા આપતાં જણાવ્યું હતું કે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે આ યુધ્ધમાં સામેલ ન થવાનું વચન આપ્યું હતું,

તેથી જો આ સમાચાર સાચા હશે તો તે ખૂબ આશ્ચર્યજનક અને નિરાશાજનક બાબત બનશે. ટ્રમ્પે ઈરાન સામે કડક કાર્યવાહી કરવાની પણ ચીમકી આપી હતી. આ ઉપરાંત, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ક્ષેત્રે અમેરિકા ચીન કરતાં ઘણું આગળ હોવાનું જણાવતાં તેમણે એઆઈ રેસ જીતવા પર ભાર મૂક્યો હતો.

# રશિયાએ યુક્રેનની રાજધાની કિવ સહિત અનેક શહેરો પર મિસાઈલ હુમલા કર્યા



કીવ,તા.૩૦

રાષ્ટ્રપતિ ઝેલેન્સકીની અગાઉની ચેતવણી બાદ રશિયાનો કિવ, ડિનિપ્રો અને ક્રાયવી રીહ પર ઘાતક હુમલો રશિયાએ યુક્રેનની રાજધાની કિવ સહિત અનેક વિસ્તારો પર ઘાતક ક્રૂઝ અને બેલિસ્ટિક મિસાઈલોથી હુમલા કર્યા છે. આ હુમલાના થોડા સમય પહેલા જ યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ રશિયા દ્વારા મોટા હુમલાની આશંકા વ્યક્ત કરી ચેતવણી આપી હતી. કિવ લશ્કરી વહીવટીતંત્ર અનુસાર, આ મિસાઈલ હુમલામાં કિવમાં એક વ્યક્તિનું મોત થયું છે. કિવ ઉપરાંત ડિનિપ્રો અને ક્રાયવી રીહ જેવા શહેરો પણ રશિયન હુમલાનો ભોગ બન્યા છે. હુમલા બાદ વધુ મિસાઈલો આવી રહી હોવાની વાયુસેનાની ચેતવણીને પગલે કિવના મેયરે નાગરિકોને સલામત સ્થળે આશ્રય લેવા વિનંતી કરી છે. ઝેલેન્સકીએ મિત્ર દેશો, ખાસ કરીને અમેરિકા પાસે કિવના રક્ષણ માટે તાત્કાલિક પેટ્રિઅટ એર ડિફેન્સ મિસાઈલો પૂરી પાડવા અને હવાઈ હુમલાની ચેતવણીઓ પ્રત્યે સતર્ક રહેવા અપીલ કરી છે.

## ગુજરાતમાં રેડ એલર્ટની આગાહીને પગલે તંત્ર એલર્ટ

# તમામ અધિકારીઓની રજાઓ રદ કરવા રાજ્ય સરકારનો આદેશ

ગાંધીનગર,તા.૩૦

રાજ્યમાં હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી ભારેથી અતિભારે વરસાદની આગાહીને પગલે ગુજરાત સરકાર સંપૂર્ણ રીતે સક્રિય થઈ ગઈ છે. પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને મુખ્યમંત્રી દ્વારા તમામ સંબંધિત અધિકારીઓની રજાઓ રદ કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. આ સાથે જ તમામ અધિકારીઓને પોતાના હેડક્વાર્ટર છોડ્યા વિના તાત્કાલિક ફરજ પર હાજર રહેવા સખત આદેશ આપવામાં આવ્યા છે, જેથી કોઈપણ કટોકટીની પરિસ્થિતિમાં ઝડપી રાહત અને બચાવ કામગીરી હાથ ધરી શકાય.

મુખ્યમંત્રીના આદેશ બાદ ગાંધીનગર સ્થિત રાજ્ય ઈમરજન્સી ઓપરેશન સેન્ટર ખાતે અધિક મુખ્ય સચિવ (મહેસૂલ) ડો. જયંતી રવીની અધ્યક્ષતામાં એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં અતિભારે વરસાદની સંભાવના ધરાવતા તમામ જિલ્લાના કલેક્ટરો સાથે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી તૈયારીઓની વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી. આ બેઠકમાં રાહત કમિશનર, રાષ્ટ્રીય આપત્તિ પ્રતિક્રિયા દળ (NDRF) અને રાજ્ય આપત્તિ પ્રતિક્રિયા દળ (SDRF)ના ઉચ્ચ અધિકારીઓ




ઉપસ્થિત રહ્યા હતા. નીચાણવાળા વિસ્તારોમાંથી લોકોનું સુરક્ષિત સ્થળાંતર, આશ્રયસ્થાનોની સુવિધા અને આપત્તિ વ્યવસ્થાપનની ટીમોની તૈનાતી અંગે વિસ્તૃત આયોજન કરવામાં આવ્યું છે.

બીજી તરફ, ભારતીય હવામાન વિભાગ દ્વારા આણંદ જિલ્લા સહિત વિવિધ વિસ્તારોમાં અતિભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે. મહી નદીના ઉપરવાસમાં વરસાદની સંભાવનાને પગલે આણંદ જિલ્લા કલેક્ટર પ્રવીણ ચૌધરીએ સમગ્ર વહીવટી તંત્રને 'રેડ એલર્ટ' મોડ પર રાખ્યું છે. મહી નદીના કાંઠાના ૨૬ અને સાબરમતી નદીના કાંઠાના ૧૩ મળી કુલ ૩૯ ગામો પર ખાસ નજર રાખવામાં આવી રહી છે. કટોકટીના સમયે લોકોને ચેતવણી આપી શકાય તે માટે આ ગામોમાં સ્થાપિત ડિઝાસ્ટર મેનેજમેન્ટની સાયરનનું ટેસ્ટિંગ પણ કરવામાં આવ્યું હતું.

તંત્રે પશુપાલકો અને ગ્રામજનોને નીચાણવાળા વિસ્તારોમાં રહેતા પશુઓને બાંધી રાખવાને બદલે છૂટા રાખવા અપીલ કરી છે, જેથી પાણી ભરાવાના સમયે તેઓ પોતાનો સ્વયં બચાવ કરી શકે. આ ઉપરાંત, ભારે પવનની આગાહીને ધ્યાનમાં રાખીને નમી ગયેલા વૃક્ષો, મોટા હોર્ડિંગ્સ કે જર્જરિત મકાનોથી દૂર રહેવા અને નદી-તળાવ પાસે ન જવા ચેતવણી આપવામાં આવી છે. તમામ ક્લાસ-૧ લાઈઝન ઓફિસરોને તાલુકા મથકે હાજર રહેવા જણાવાયું છે તેમજ સાવચેતીના ભાગરૂપે શાળાઓ, આંગણવાડીઓ અને કોલેજોમાં રજા જાહેર કરવામાં આવી છે.

## અમદાવાદમાં વહેલી સવારે ૨.૬ની તીવ્રતાનો હળવો ભૂકંપ, બાવળા નજીક કેન્દ્ર


અમદાવાદ,તા.૩૦

અમદાવાદમાં ગુરુવારે વહેલી સવારે ભૂકંપનો હળવો આંચકો અનુભવાયો હતો. ગાંધીનગર સ્થિત ઈન્સ્ટિટ્યૂટ ઓફ સિસ્મોલોજિકલ રિસર્ચના અહેવાલ મુજબ ૩૦ જુલાઈના રોજ સવારે ૪:૩૯ વાગ્યે રિક્ટર સ્કેલ પર ૨.૬ની તીવ્રતાનો ભૂકંપ નોંધાયો હતો. ભૂકંપનું કેન્દ્ર અમદાવાદ શહેરથી અંદાજે ૨૯ કિલોમીટર દક્ષિણ-દક્ષિણ પશ્ચિમ તરફ બાવળા નજીક હતું. ભૂકંપની ઊંડાઈ જમીનની સપાટીથી આશરે ૨૦ કિલોમીટર નોંધાઈ હતી. તીવ્રતા ઓછી હોવાથી તેની અસર મર્યાદિત રહી હતી અને શહેરના મોટાભાગના વિસ્તારોમાં કોઈ ખાસ અસર જોવા મળી નહોતી. ભૂકંપના કારણે જાનહાનિ કે મિલકતને નુકસાન થયાના કોઈ અહેવાલ સામે આવ્યા નથી. સ્થાનિક લોકોમાં થોડા સમય માટે ચિંતા ફેલાઈ હતી.

## રાજકોટમાં ધોળે દિવસે આંગડિયા પેઢીને નિશાન બનાવી ૧૯ લાખની મત્તા લઈ લૂંટારૂઓ ફરાર

રાજકોટ,તા.૩૦

રાજકોટના સામાકાંઠે આવેલા પટેલવાડી નજીક પ્રાઈમ એન્ટરપ્રાઈઝ નામની આંગડિયા પેઢીમાં સવારે સરેઆમ લૂંટની ઘટના બનવા પામી છે. પેઢીના કર્મચારી અલકેશ દવે ઓફિસ ખોલી પૂજા કરી રહ્યા હતા ત્યારે ગ્રાહકના બહાને બે શખ્સો અંદર ઘૂસ્યા હતા. આ શખ્સોએ



કર્મચારી સાથે ઝપાઝપી કરી બંદૂક બતાવી ટેબલ પર મૂકેલું ૧૯ લાખ રૂપિયા ભરેલું બેગ આંચકીને ફરાર થઈ ગયા હતા.

ઘટનાની જાણ થતાં જ ક્રાઈમ બ્રાન્ચ અને ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો સ્થળ પર દોડી આવ્યો હતો. સમગ્ર શહેરમાં નાકાબંધી કરી લૂંટારૂઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કરાયા છે. પેઢીમાં લાગેલા સીસીટીવી કેમેરામાં લૂંટારૂઓના ચહેરા સ્પષ્ટ દેખાઈ રહ્યા હોવાથી પોલીસે તે ફૂટેજના આધારે તપાસ તેજ કરી છે.

## કિર્તી પટેલની સુરત પોલીસે સુરેન્દ્રનગરથી ધરપકડ કરી

સુરત,તા.૩૦

સુરતમાં ફરી એકવાર કીર્તિ પટેલ સામે કાયદાનો સકંજો કસાયો છે. સોશિયલ મીડિયા પર પરિવારની બદનક્ષી કરવા અને ધમકી આપવાના આરોપસર પુણા પોલીસે સુરેન્દ્રનગરથી તેની ધરપકડ કરી હતી. ભાવનગરના વેપારી રાજુ ભમ્મરે કીર્તિ પટેલ તેમજ સસ્પેન્ડેડ મહિલા કોન્સ્ટેબલ નયના બારૈયા સામે ગંભીર કલમો હેઠળ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે પોલીસે



કાર્યવાહી હાથ ધરી અને બુધવારે કીર્તિ પટેલને સુરત લાવવામાં આવી હતી. પોલીસ સ્ટેશન પહોંચતા કીર્તિ પટેલે હોબાળો મચાવ્યો હતો. સમગ્ર ઘટનાને લઈને પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

## અમરેલીના ભોજલધામ ખાતે ૧૦ ફૂટનો બાજરાનો રોટલો અર્પણ થતા નવો વિશ્વ વિક્રમ બન્યો

અમરેલી,તા.૩૦

અમરેલી જિલ્લાના ભોજલધામ (ફતેપુર) ખાતે યોજાયેલા પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના સમાપન પ્રસંગે ૧૦ ફૂટ વ્યાસનો વિશાળ બાજરાનો રોટલો તૈયાર કરી પૂજ્ય ભોજલરામ બાપાના ચરણોમાં અર્પણ કરવામાં આવ્યો હતો. આ અનોખા ધાર્મિક અને સેવા કાર્ય માટે ઈન્ટરનેશનલ બુક ઓફ રેકોર્ડ્સ દ્વારા નવો વિશ્વવિક્રમ સ્થાપિત કર્યાનું પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું છે. જામનગરના જલારામ સેવા ટ્રસ્ટ દ્વારા અગાઉ જામનગરમાં ૭ ફૂટ વ્યાસનો રોટલો બનાવી રેકોર્ડ બનાવ્યો હતો, જે પરંપરા આગળ વધારતા ગુરુપૂર્ણિમાના દિવસે આ નવો કીર્તિમાન રચાયો છે.



આ પવિત્ર પ્રસંગે ભોજલધામના મહંત પૂજ્ય ભક્તિરામ બાપુ, ભુપેન્દ્રભાઈ જોશી, નરેન્દ્રભાઈ પટેલ સહિત રઘુવંશી લોહાણા સમાજ અને જલારામ સેવા ટ્રસ્ટના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ ભગીરથ કાર્યનો મુખ્ય ઉદ્દેશ્ય સંત શિરોમણી જલારામ બાપાના ગુરુ પૂજ્ય ભોજલરામ બાપા પ્રત્યે શ્રધ્ધા વ્યક્ત કરવાની સાથે અન્નદાન, સેવાભાવ અને ભારતીય સંસ્કૃતિનો સંદેશ વિશ્વ સુધી પહોંચાડવાનો છે.

## અમદાવાદ સહિત ૪ જિલ્લામાં ભારે વરસાદની આગાહીને પગલે તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં રજા

અમદાવાદ,તા.૩૦

વડોદરા, અમદાવાદ, ખેડા અને નવસારીમાં વિદ્યાર્થીઓની સુરક્ષા માટે પ્રશાસનનો મહત્વપૂર્ણ નિર્ણય અમદાવાદ, વડોદરા, આણંદ અને નવસારી સહિતના જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદની આગાહીને પગલે તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં રજા જાહેર કરવામાં આવી છે. અમદાવાદમાં અતિભારે વરસાદની શક્યતાને કારણે મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત તમામ આંગણવાડીઓ ૩ ઓગસ્ટ સુધી બંધ રહેશે, જ્યારે વડોદરા જિલ્લા મેજિસ્ટ્રેટ અનિલ ધામેલીયાએ કલમ ૧૬૩ હેઠળ



૩૧ જુલાઈએ શાળા-કોલેજો બંધ રાખવાનો આદેશ આપ્યો છે.

આ ઉપરાંત ખેડા જિલ્લામાં પણ ૩૧ જુલાઈ અને ૧ ઓગસ્ટે શાળાઓ અને કોલેજો બંધ રહેશે. નવસારીમાં બપોરે ૨ વાગ્યા પછી વિદ્યાર્થીઓને રજા આપી દેવાઈ છે. હવામાન વિભાગની ચેતવણીને ધ્યાનમાં રાખીને તંત્રે નાગરિકોને કામ વિના બહાર ન નીકળવા અને સાવચેત રહેવા અપીલ કરી છે.

## જીતુ વાઘાણીએ નવસારી જિલ્લાના ગામોની મુલાકાત લઈ અધિકારીઓને પારદર્શક સર્વે કરવા આપી સૂચના

નવસારી,તા.૩૦

નવસારી જિલ્લામાં ભારે વરસાદ બાદ કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ ગણદેવીના સોનવાડી, સાલેજ અને ગડત ગામોની મુલાકાત બલીધી હતી. આ દરમિયાન તેમણે પૂરગ્રસ્ત ખેડૂતો સાથે સંવાદ કરી મકાન, પાક અને પશુધનના નુકસાનની વિગતો મેળવી હતી. કલેક્ટર મનીષ ગુરવાણીએ રાહત કામગીરી અંગે માહિતી આપ્યા બાદ મંત્રીએ અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ અસરગ્રસ્તોને ત્વરિત



સહાય પહોંચાડવી સરકારની પ્રાથમિકતા હોવાનું જણાવી તેમણે નુકસાનનો સર્વે પારદર્શક અને સમયમર્યાદામાં પૂર્ણ કરવા કડક સૂચના આપી હતી. આ મુલાકાતમાં સ્થાનિક ધારાસભ્યો અને વહીવટી અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

## રાજ્યમાં ખાનગી ટ્યુશન અને કોચિંગ ક્લાસિસ પર આવશે કડક નિયમ


ગાંધીનગર,તા.૩૦

રાજ્યમાં વર્ષોથી મનમાની રીતે ચાલતા ખાનગી ટ્યુશન અને કોચિંગ ક્લાસિસ પર હવે સરકાર કડક નિયંત્રણ લાવવાની તૈયારીમાં છે. રાજ્ય સરકાર આગામી વિધાનસભા સત્રમાં 'પ્રાઈવેટ કોચિંગ ક્લાસિસ રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ વિધેયક' રજૂ કરવાની તૈયારી કરી રહી છે. વિદ્યાર્થીઓ અને વાલીઓના હિતોને ધ્યાનમાં રાખીને તૈયાર કરાયેલા આ કાયદામાં કોચિંગ ક્લાસિસના સંચાલન, ફી માળખું, સુરક્ષા વ્યવસ્થા અને શિક્ષકોની લાયકાત જેવા મહત્વના મુદ્દાઓનો સમાવેશ કરવામાં આવશે. બિલ અમલમાં આવ્યા બાદ રાજ્યભરમાં ખાનગી કોચિંગ ક્લાસિસ માટે અલગ સત્તાધિકારીની રચના કરવામાં આવશે. આ સત્તાધિકારી ક્લાસિસનું રજિસ્ટ્રેશન, લાયસન્સ પ્રક્રિયા અને નિયમોના પાલન પર નજર રાખશે.

## ધોળકાના ત્રાંસદ ગામમાં પ્રેમસંબંધમાં પ્રેમિકાના પુત્રએ કરી યુવકની હત્યા

ધોળકા,તા.૩૦

ધોળકાના ત્રાંસદ ગામમાં દસ વર્ષ જૂના પ્રેમસંબંધની આશંકા રાખી ૩૭ વર્ષીય ધનજી ઉર્ફે સંજય ઠાકોરની હત્યા કરવામાં આવી છે. ભૂતકાળમાં સમાજની દખલગીરીથી આ સંબંધનો અંત આવ્યો હતો, પરંતુ તાજેતરમાં મહિલા ગામમાં આવતાં તેણે સંજયને મળવા બોલાવ્યો હતો. આ વાતની જાણ થતાં મહિલાના પુત્ર સુનિલે સંબંધ ચાલુ હોવાની શંકા રાખી ધમકી આપી હતી. મંગળવારે સંજય ખેતરમાં કામ કરી રહ્યો હતો ત્યારે સુનિલ અને તેના ચાર સાગરિતોએ ધારિયા




અને લાકડીઓથી તેના પર ઘાતક હુમલો કર્યો હતો. ગંભીર રીતે ઘવાયેલા સંજયનું મોત નીપજતાં ધોળકા રૂરલ પોલીસે પાંચ આરોપીઓ સામે હત્યાનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.




જોઇએ છે....જોઇએ છે.....

YUG NIRMAN GAYATRI PARIVAR TRUST CHALALA

RAKSHA SHAKTI SCHOOL

સંસ્કાર ધામ ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત

રક્ષા શક્તિ સ્કૂલ – જીરા

અંગ્રેજી માધ્યમ

| ક્રમ | જગ્યાનું નામ | લાયકાત |
|---|---|---|
| ૧. | PTI શિક્ષક | B.P.Ed/M.P.Ed અથવા રીટાયર્ડ આર્મી |
| ૨. | શિક્ષક | ગણિત (૧) - B.S.C/M.S.C/B.Ed. |
| ૩. | શિક્ષક | હિન્દી (૧)- B.A/ B.Ed. |
| ૪. | શિક્ષક | અંગ્રેજી(૧)- B.A/ B.Ed. |

- સંસ્થા દ્વારા રહેવા-જમવાની વ્યવસ્થા સાથે ઉચ્ચ પગાર આપવામાં આવશે.
- જાહેરા પ્રકાશિત થયાના ૭ દિવસમાં આપેલા વોટ્સ નંબર 9313707390 પર બાયોડેટા મોકલવા વિનંતી.

રક્ષા શક્તિ સ્કૂલ – જીરા (ગીર –ઈસ્ટ)

SVK કેમ્પસ, મુ. જીરા, તુલશીશ્યામ રોડ, તા.ધારી, જી.અમરેલી, ગુજરાત -૩૬૫૬૪૦

Mo.94277 43817 / 94298 38017

